# આત્મધર્મ

## વર્ષ ૨૩

## સળંગ અંક ૨૭૫

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૭૫


## નિજભાવ

પરભાવમાં જ રમી રહ્યો
નિજભાવમાં આવ્યો નહિ;
રે જીવ ! તું તો દુઃખથી
સંસારમાં જ ભમ્યો ભમ્યો.
હવે છોડ એ પરભાવને,
નિજભાવમાં તું આવ રે !
સુખથી ભરેલા આત્મામાં
બસ, મોક્ષ મોક્ષ જ મોક્ષ છે.

卐

વર્ષ ૨૩ : અંક : ૧૦ * વીર સં. ૨૪૯૨ દ્વિ શ્રાવણ
તંત્રી: જગજીવન બાવચંદ દોશી * સંપાદક: બ્ર હરિલાલ જૈન
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# યુગયુગ જુનું આપણું પૂજ્ય તિર્થ




## જ.....ય સ....મ્મે....દ....શિ....ખ....ર

શ્રાવણ સુદ સાતમે સમ્મેદશિખર ઉપરથી ભગવાન પાર્શ્વનાથ મોક્ષ પધાર્યા. હાલમાં સમ્મેદશિખર સંબંધી દિગંબર જૈનોના સમસ્ત અધિકારોનું રક્ષણ થાય એવા સંતોષકારક કરાર બિહારસરકાર સાથે થયા, અને તીર્થસંબંધી અગાઉ ઊભી થયેલી વિકટ પરિસ્થિતિ દૂર થઈ, તેથી ભારતભરના દિગંબર જૈનસમાજમાં સંતોષ અને હર્ષની લાગણી ફેલાઈ ગઈ હતી. અને આ લાગણી વ્યક્ત કરવા, તથા પોતાના મહાન તીર્થરાજ પ્રત્યેની અતીવ ભક્તિ વ્યક્ત કરવા દેશભરમાં સર્વત્ર ઘણા જ હર્ષોલ્લાસ સહિત "સમ્મેદશિખર દિવસ" શ્રાવણ સુદ સાતમે ઉજવાયો હતો. સર્વત્ર એ શાશ્વતતીર્થના પૂજનભક્તિ કરવામાં આવ્યા હતા; ને આ કાર્યના ઉકેલ માટે દિ. જૈન તીર્થક્ષેત્ર કમિટીએ જે સફળ પ્રયત્ન કર્યા તથા બિહારના મુખ્યપ્રધાનશ્રીએ ન્યાયની જાળવણી થાય ને દિ. જૈનોના હક્કનું સંરક્ષણ થાય તેવા કરાર કરવામાં જે સહકાર આપ્યો, તે બદલ તેઓ પ્રત્યે સૌએ આભારની લાગણી વ્યક્ત કરી હતી. સોનગઢમાં પણ એ દિવસ ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો. સવારમાં જિનમંદિરમાં તીર્થરાજનું સમૂહપૂજન થયું; તથા પ્રવચન પછી સભામાં (જેમાં અનેક ગામના જિજ્ઞાસુઓ ઉપસ્થિત હતા તેમાં સમ્મેદશિખરના કરાર સંબંધી પ્રસન્નતા વ્યક્ત કરતો ઠરાવ પસાર કર્યો હતો. બપોરે જિનમંદિરમાં પૂ. બેનશ્રીબેને સમ્મેદશિખરજીની જે પરમભક્તિ કરાવી ત્યારે તો જાણે સમ્મેદશિખરની યાત્રા કરતા હોઈએ એવો હર્ષોલ્લાસ થતો હતો.......સમ્મેદશિખર આપણા હૃદય સાથે જોડાયેલું છે.....યુગયુગ જુનું આપણું આ પરમપૂજ્ય તીર્થ આપણને સિદ્ધિપંથની પ્રેરણા સદાય આપ્યા કરો.......

जय सम्मेदशिखर।

卐

વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વર્ષ ૨૩
અંક ૧૧
વીર સં. ૨૪૯૨
ભાદરવો

# वे मुनिवर

( રાગ: મલ્હાર )

વે મુનિવર કબ મિલિ હૈં ઉપકારી....વે મુનિવર
સાધુ દિગમ્બર નગન નિરમ્બર, સંવર ભૂષણધારી
...... વે મુનિવર ।। ૧ ।।

કંચન કાચ બરાબર જિનકૈં, જ્યોં રિપુ ત્યોં હિતકારી
મહલ મસાન મરન અરુ જીવન, સમ ગરિમા અરુ ગારી
..... વે મુનિવર ।। ૨ ।।

સમ્યગ્જ્ઞાન પ્રધાન પવન બલ, તપ પાવક પરજારી ।।
સેવત જીવ સુવર્ણ સદા જે, કાય-કારિમા ટારી
..... વે મુનિવર ।। ૩ ।।

જોરિ જુગલ કર ‘ભધૂર’ વિનવે, તિન પદ ઢોક હમારી ।।
ભાગ ઉદય દરશન જબ પાઊં, તા દિનકી બલિહારી
..... વે મુનિવર ।। ૪ ।।

# દશ ધર્મનું સ્વરૂપ

( પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી )

**સમ્યક્ત્વપૂર્વકના વીતરાગભાવ વડે જેની આરાધના થઈ શકે છે એવા ઉત્તમક્ષમાદિ દશ ધર્મોનું સ્વરૂપ અહીં પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી સંક્ષેપમાં આપવામાં આવ્યું છે. મુનિવરો એના મુખ્ય આરાધક છે, ને શ્રાવકે પણ તેનું સ્વરૂપ ઓળખીને શક્તિ અનુસાર તેની ઉપાસના કરવી.**

卐

* ગમે તે પરિસ્થિતિમાં પણ ચૈતન્યભાવનાના બળે વીતરાગી સમભાવમાં ટકી રહેવું ને ક્રોધરૂપ વિષમભાવ થવા ન દેવો તે ઉત્તમ ક્ષમાધર્મ છે. મોક્ષમાર્ગી સન્તોને આ ક્ષમા સહચરી છે. ક્રોધની ઉત્પત્તિ સાધકભાવમાં બાધા કરનારી છે, એમ સમજીને તેને દૂરથી જ છોડવો, ને ક્ષમાભાવને મોક્ષનો સાધક જાણીને અંગીકાર કરવો.
* દેહ–રૂપ–જાતિ–કૂળ વગેરે કરતાં મારો જ્ઞાનસ્વભાવી આત્મા જ જગતમાં શ્રેષ્ઠ છે–એવી ભાવનાવડે મદની ઉત્પત્તિનો અભાવ થાય છે, એટલે કે માર્દવધર્મ થાય છે.
* મારા રત્નત્રયમાં મને કોઈ દોષ ન હો–એવી ભાવનાવડે, રત્નત્રયમાં લાગેલા કોઈ દોષને છૂપાવ્યા વગર ગુરુ સમીપે સરલપણે વ્યક્ત કરીને તે દોષ છોડવા તે આર્જવધર્મ છે.
* ભેદજ્ઞાનવડે સત્ય સ્વભાવને જાણનાર જીવ, જિનવાણીઅનુસાર સત્ય વચન બોલે ને અસત્ય બોલવાની વૃત્તિ ન થાય તે સત્યધર્મ છે.
* ભેદજ્ઞાનની ભાવનાના બળથી રત્નત્રયની આરાધનામાં તત્પર અને ભવ–તન–ભોગથી વિરક્ત એવા જીવને મમત્વરૂપ મલિનભાવ થતો નથી, ને રત્નત્રયની શુચિતા ટકી રહે છે તે શૌચધર્મ છે. ( શૌચ=પવિત્રતા )
* ચૈતન્યના પરમ શાંતરસમાં નિમગ્નતાવડે ઇન્દ્રિય વિષયો તરફની વૃત્તિ કે ક્રોધાદિ કષાયોની ઉત્પત્તિ ન થાય, સ્વરૂપની આરાધનામાં સમ્યક્ પ્રકારે ઉપયોગ જોડાયેલો રહે તે સંયમધર્મ છે.

* ગમે તેવો ઉપદ્રવ આવે તોપણ પોતાના ચૈતન્યના ચિંતનથી ચ્યૂત ન થવું ને વિષયકષાયોરૂપી ચોરને ઉપયોગઘરમાં પ્રવેશવા ન દેવા તે તપ છે. આ તપ વિષયકષાયોરૂપી ચોરથી પોતાના રત્નત્રયરૂપી ધનને બચાવવા માટે મહાન યોદ્ધાસમાન રક્ષક છે, ને આનંદનો દાતાર છે.

* સ્વસંવેદનમાં આવેલો શુદ્ધ આત્મા તે જ મારો છે. બીજું કાંઈ પણ મારું નથી,– એમ શુદ્ધાત્મા સિવાય સર્વત્ર મમત્વનો અભાવ તે ત્યાગધર્મ છે. શ્રુતનું પ્રવચન, શાસ્ત્રદાન વગેરે પણ આ ત્યાગધર્મના પોષક છે.

* શુદ્ધ ચૈતન્ય એક જ મારો છે, બીજું કિંચિત્ મારું નથી, આવી અકિંચનરૂપ ચૈતન્યભાવના વડે દેહાદિ સમસ્ત પરદ્રવ્યો પ્રત્યે મમત્વનો ત્યાગ તે અકિંચનધર્મ છે.

* બ્રહ્મસ્વરૂપ આત્માના આનંદના અતીન્દ્રિય સ્વાદના બળે બાહ્ય વિષયોમાંથી વૃત્તિ જ ઊડી જવી તે ઉત્તમ બ્રહ્મચર્યધર્મ છે. વિશુદ્ધ બુદ્ધિના બળે એવી નિર્વિકાર ભાવના થઈ જાય કે દેવી લલચાવે તોપણ વિકારની વૃત્તિ ન થાય ને માતા કે બહેનવત્ નિર્વિકાર ભાવના રહ્યા કરે; એવા જીવને ઉત્તમ બ્રહ્મચર્ય છે.

ઉત્તમક્ષમાદિક આ દશ ધર્મને આરાધનારા સન્તોને અત્યંત ભક્તિપૂર્વક આરાધીએ, અને તેમના જેવી આરાધનાના દીવડા આત્મામાં પ્રગટ કરીએ....એ જ ભાવના.



આ સિંહ અને સર્પ છે કે–અરે મનુષ્યો! અમે તીર્યંચ હોવા છતાં, આ ભગવાન સર્વજ્ઞદેવના માર્ગની પરમ ભક્તિપૂર્વક ઉપાસના વડે સમ્યક્ત્વ પામીને આત્માને અનુભવીએ છીએ, તીર્યંચપણું ભૂલીને સિદ્ધ જેવો અનુભવ કરીએ છીએ....તો તમે તો મનુષ્ય છો.....તમે પણ આવો અનુભવ કેમ નથી કરતા! અમે સિંહ અને સર્પ જગતમાં ક્રૂર ગણાઈએ છતાં ભગવાનની વાણીના પ્રતાપે ક્રૂરરસ છોડીને પરમ શાંતરસને પામ્યા.....તો તમે તો ભગવાનની જેમ મનુષ્ય છો....કષાયનો કલુષરસ છોડીને ચૈતન્યના પરમ ઉપશાંતરસને અનુભવો.

સિંહ અને સર્પની આ વાત સાંભળીને બાલવિભાગના સભ્યો કહે છે કે વાહ! વનરાજ! અને સર્પરાજ! તમે બંને તીર્યંચ ગતિમાં હોવા છતાં, કેવા ભક્તિભાવપૂર્વક ભગવાનની સેવા કરી રહ્યા છો! ને ધર્મની આરાધના કરી રહ્યા છો! તમને ધન્ય છે. તિર્યંચ હોવા છતાં તમે અમારા સાધર્મી બન્યા છો. તમને દેખીને અમનેય ધર્મની પ્રેરણા અને વાત્સલ્યભાવ જાગે છે.

છઠ્ઠી-સાતમી ગાથાવડે જ્ઞાયકસ્વભાવ સાંભળીને

# શિષ્યને સમ્યક્ત્વ થવાનું અપૂર્વ વર્ણન

આચાર્યદેવે ગાથા ૬–૭માં જ્ઞાયકભાવ બતાવતાં કહ્યું કે જેમાં અશુદ્ધતા નથી, જેમાં પર્યાયભેદ નથી ને જેમાં દર્શન–જ્ઞાન–ચારિત્રના ગુણભેદ નથી એવો શુદ્ધ જ્ઞાયક આત્મા છે, ને તે શુદ્ધનયનો વિષય છે. ભેદરૂપ જે વ્યવહાર છે તેના અવલંબને શુદ્ધઆત્માને જણાતો નથી. હવે આવા શુદ્ધ આત્માને જાણવાના જિજ્ઞાસુ શિષ્યને પ્રશ્ન ઊઠે છે કે પ્રભો! આવા પરમાર્થરૂપ શુદ્ધઆત્માનો એકનો જ ઉપદેશ દેવો હતો, વચ્ચે અનેક ભેદરૂપ વ્યવહાર કેમ કહ્યો? તેના ઉત્તરમાં આઠમી ગાથામાં આચાર્યદેવ કહે છે કે જેમ આર્યભાષા નહિ જાણનાર કોઈ અનાર્યને સમજાવવા માટે અનાર્યભાષામાં કહેવું પડે છે તેમ પરમાર્થ એક સ્વભાવનો જે અજાણ છે એવા જિજ્ઞાસુ શિષ્યને તે સ્વભાવ સમજાવવા માટે એક અભેદ આત્મામાં ગુણ ભેદ ઉપજાવીને સમજાવ્યું કે જે જ્ઞાન–દર્શન–ચારિત્રસ્વરૂપ છે તે આત્મા છે. ત્યાં શિષ્ય તે ગુણભેદના વિકલ્પમાં અટકતો નથી પણ આચાર્યનો આશય સમજીને અભેદ આત્માને અનુભવમાં લ્યે છે.

સમયસારમાં આચાર્ય ભગવાન જે શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવવા માંગે છે તે શુદ્ધાત્મસ્વરૂપ સમજવાની જિજ્ઞાસાવાળો શિષ્ય અંતરમાં કયા પ્રકારે સમજી જાય છે, ને તે સમજતા તેના અંતરમાં જ્ઞાન–આનંદના કેવા સુંદર તરંગ ઊછળે છે–એ વાત અલૌકિક પ્રકારે આઠમી ગાથામાં બતાવી છે. જે શિષ્ય અંતેવાસી થયો છે એટલે કે સમજવાનો જિજ્ઞાસુ થઈને ‘નજીક’ આવ્યો છે તેને આચાર્યદેવ સમજાવે છે.

**અંતેવાસી:-** શિષ્ય અંતેવાસી છે, તે બે પ્રકારે નજીક છે, એક તો શુદ્ધઆત્માનું શ્રવણ કરવા આવ્યો છે એટલે ક્ષેત્રથી અંતેવાસી થયો છે; ને અંતરમાં પાત્રતા પ્રગટ કરીને ભાવથી પણ નજીક થયો છે, આવા અંતેવાસી શિષ્યને ‘દર્શન–જ્ઞાન–ચારિત્ર’ સ્વરૂપ આત્મા છે’ એમ અભેદમાં ભેદ ઉપજાવીને પરમાર્થસ્વરૂપનો ઉપદેશ આપ્યો. ત્યાં બતાવવો છે અખંડ આત્મા, કાંઈ ભેદ બતાવવો નથી. પણ અભેદસ્વરૂપ સમજવા જતાં વચ્ચે એટલો ભેદ આવ્યા વગર રહેતો નથી.

આ સમયસારની પારાયણ છે. સમયસાર એ ભરતક્ષેત્રનું મહાન ભાગવત છે; પાત્ર થઈને સાંભળે તે ભગવાન થઈ જાય–એવી આ વાત છે. ભગવાન પાસેથી સાંભળીને કુંદકુંદાચાર્યદેવે આ મહાન શાસ્ત્ર રચ્યું છે, તેથી આ

જૈન ભગવતશાસ્ત્ર છે. સ્વાનુભવમાં પહોંચવા માટેની છેલ્લામાં છેલ્લી વાત આચાર્યદેવ નિકટવર્તી શિષ્યને સમજાવે છે. શિષ્યને મનમાં એક જ ધૂન છે કે જેવો જ્ઞાયક શુદ્ધઆત્મા શ્રીગુરુ કહે છે તેવો અનુભવમાં લેવો; બીજો કોઈ રોગ મનમાં નથી. આમ આત્માની જિજ્ઞાસાવડે રાગથી દૂર થઈને સ્વભાવની સમીપ આવ્યો છે. આવા શિષ્યને અસાધારણ ધર્મો દ્વારા એટલે કે જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ ધર્મો દ્વારા એક ધર્મીનું સ્વરૂપ સમજાવે છે. આમાં જોકે વચ્ચે સૂક્ષ્મ ગુણભેદ આવે છે, પણ તે ગુણભેદ અનુભવમાં નથી. તૈયારીવાળો શિષ્ય તે ભેદના અવલંબનમાં ન અટકતાં અભેદ આત્માને અનુભવમાં લ્યે છે.

આત્મા રાગી છે કે બંધનવાળો છે–એવી અશુદ્ધપણાની વાત તો દૂર રહો, જ્ઞાન તે આત્મા–એવા ગુણ–ગુણી ભેદના લક્ષે પણ શુદ્ધાત્મા અનુભવમાં આવતો નથી. જો કે જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ ગુણોનો કાંઈ આત્મામાં અભાવ નથી; પણ અહીં શુદ્ધઆત્માનો અનુભવ કરવો તે પ્રયોજન છે, ને ગુણભેદના આશ્રયે તે પ્રયોજન સિદ્ધ થતું નથી; માટે કહે છે કે ‘જ્ઞાન તે આત્મા’ એમ કહેતાં તે ભેદ ઉપર જોઈને તું અટકીશ નહિ, કથનમાં ભલે ભેદ આવ્યો પણ તું ભેદનું અવલંબન છોડીને અભેદ આત્માને અનુભવમાં લેજે.

આ વાત દ્રષ્ટાંતથી સમજાવે છેઃ જેમ કોઈ મ્લેચ્છને કોઈ બ્રાહ્મણ એમ આશીર્વાદ આપે કે ‘स्वस्ति!’ ત્યારે स्वस्ति એટલે મારું અવિનાશી કલ્યાણ થવાના આશીર્વાદ મને આપે છે એમ નહિ સમજનારો તે મ્લેચ્છ બ્રાહ્મણ ઉપર કંટાળો લાવ્યા વગર બહુમાન અને વિનયપૂર્વક તેની સામે જિજ્ઞાસાથી જોઈ રહે છે;–કોની જેમ? કે મેંઢાની જેમ; મેંઢાને અનુસરવાની ટેવ છે તેમ શિષ્ય પણ ગુરુએ શું કહ્યું તેને અનુસરવા માગે છે, એટલે તે મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ રહે છે.

આંખો ફાડીને ટગટગ અનિમેષ નેત્રથી જોઈ રહે છે, તેમાં ન સમજ્યાનો કંટાળો નથી પણ સમજવાની તીવ્ર જિજ્ઞાસા છે. આ કંઈક મારું હિત બતાવવા માંગે છે એવો વિશ્વાસ છે.

**આંખો ફાડીનેઃ-** સમજવાની તીવ્ર જિજ્ઞાસા છે એટલે આંખો ફાડીને જોઈ રહે છે, તેમ અંતરમાં જ્ઞાનરૂપી આંખો ફાડીને એકાગ્રતાથી શિષ્ય સમજવા માંગે છે. આંખ બંધ નથી રાખતો, બેદરકારી નથી કરતો પણ અનિમેષપણે, ટમકાર વગર આંખો ફાડીને ટગટગ જોઈ રહે છે. શિષ્યજન આત્મા સમજવા માટે જ્ઞાનચક્ષુ ઊઘાડીને, એટલે કે ક્ષયોપશમભાવને તે તરફ જોડીને સમજવા તૈયાર થયો છે.

પછી જ્યારે તે જ બ્રાહ્મણદ્વારા, અથવા બ્રાહ્મણ અને મ્લેચ્છ બંનેની ભાષા જાણનારા બીજા કોઈ દ્વારા સ્વસ્તિ શબ્દનો અર્થ તે મ્લેચ્છ સમજી જાય છે કે તરત તેના નેત્રો આનંદમય આંસુઓથી ભરાઈ જાય છે કે અહો! આ તો મારા અવિનાશી કલ્યાણ માટે આશીર્વાદ આપતા હતા! તેમ આત્મા જ્ઞાન–દર્શન–ચારિત્રસ્વરૂપી છે એમ આત્માનું સ્વરૂપ

આચાર્યદેવ સમજાવે છે; તે સમજનાર જિજ્ઞાસુ શિષ્યને અંતરમાં પાંચે લબ્ધિ આવી જાય છે; તે વાત આચાર્યદેવે આઠમી ગાથામાં અલૌકિક રીતે બતાવી છે.

## સમ્યક્ત્વની પાંચ લબ્ધિ આમાં આવી જાય છે

ચૈતન્યસ્વભાવ સાંભળતા શ્રોતાના અંતરમાં અપૂર્વ હર્ષોલ્લાસ છે; તે આંખો ફાડીને જોઈ જ રહે છે એટલે કે સમજવાને યોગ્ય ક્ષયોપશમલબ્ધિ થઈ છે, ને સ્વરૂપ સમજવા માટે ઉપયોગને એકાગ્ર કરે છે.

ટગટગ જોઈ રહે છે–તેમાં સમજવા માટેની જિજ્ઞાસાથી પરિણામની વિશુદ્ધિ થઈ છે એટલે વિશુદ્ધિલબ્ધિ થઈ છે.

'દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ આત્મા છે' એવી આચાર્યદેવની દેશના પ્રાપ્ત થઈ છે એટલે કે દેશનાલબ્ધિ થઈ છે.

પ્રાયોગ્યલબ્ધિ એટલે અંદર કર્મસ્થિતિની અલ્પતા તથા પરિણામની તેવી યોગ્યતા પણ થઈ છે.

આમ ચારલબ્ધિ તો થઈ છે; ને પાંચમી કરણલબ્ધિ અનુભવ કરવાના કાળમાં થાય છે તે પણ બતાવશે. તેમાં સુંદર આનંદતરંગ–બોધતરંગ ઊછળે છે એમ કહેશે.

ઉપદેશ દેનારા આચાર્ય કેવા છે?

પહેલા પાંચમી ગાથામાં તો કહ્યું હતું કે–અમારા સમસ્ત આત્મવૈભવથી અમે શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડશું. શુદ્ધાત્માનું પ્રચુર સંવેદન કરનારા એવા પરમગુરુઓના અનુગ્રહપૂર્વક અમને જે શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ મળ્યો તેનાથી અમારો આત્મવૈભવ પ્રગટ થયો, એટલે કે જેવો શુદ્ધાત્મા શ્રીગુરુએ કહ્યો હતો તેવો અમને અનુભવમાં આવ્યો, એવા સ્વાનુભવપૂર્વક અમે શુદ્ધાત્માનું સ્વરૂપ આ સમયસારમાં દેખાડશું.

ઉપદેશ કરનારા આચાર્ય કેવા હોય તે આમાં આવી જાય છે. એક આચાર્ય ઉપદેશ આપીને ચાલ્યા જાય તો શિષ્ય તે વાત છોડી દેતો નથી, પણ ધીરજ રાખી રુચિને લંબાવી બીજા આચાર્ય પાસેથી સમજે છે. "તે જ અથવા બીજા આચાર્ય તેને પરમાર્થ સમજાવનારા મલી જ જાય છે;" –આમ કહીને શ્રોતાની જિજ્ઞાસાનું લંબાણ બતાવ્યું છે; તેની જિજ્ઞાસા અને સમજવાની યોગ્યતાની તીવ્રતા છે એટલે કદાચિત પહેલા આચાર્ય ચાલ્યા ગયા હોય તો કોઈને કોઈ બીજા ઉપદેશક જ્ઞાની તેને મલી જ જશે. એની પાત્રતા છે એટલે જરૂર તેને સમજાવનાર પણ મલી જ રહે છે, –એવી જ સંધિ છે.

આચાર્ય તો સ્વરૂપમાં ઝૂલતાં હોય, એટલે "દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ આત્મા છે" એટલો ઉપદેશ આપીને તેમને વિકલ્પ છૂટી જાય અથવા અન્યત્ર વિહાર કરી જાય, પણ શિષ્ય પોતાની જિજ્ઞાસા છોડતો નથી, પણ જિજ્ઞાસા લંબાવીને બીજા આચાર્ય પાસેથી તેનો પરમાર્થ સમજે છે–એવી તેની પાત્રતા છે.

દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ આત્મા છે એમ કહેવામાં કહેનારનો આશય ભેદ બતાવવાનો

નથી પણ અભેદસ્વરૂપ આત્મા બતાવવાનો આશય છે; ને શિષ્ય તે આશય પકડી, ભેદના વિકલ્પનું અવલંબન છોડીને અભેદસ્વરૂપ એક આત્માને તત્કાળ અનુભવમાં લઈ લ્યે છે.

सद्य એટલે તુરત જ આનંદપૂર્વક આત્માને અનુભવે છે,–એટલે કે ગુરુના સાન્નિધ્યમાં જ અધિગમજ સમ્યક્ત્વ પામે છે એવી વાત લીધી છે.

સમજતાં શું થાય છે? કે અંતરમાં તત્કાળ આનંદ ઉત્પન્ન થાય છે ને સુંદર–મનોહર બોધતરંગ ઊછળે છે. આનંદ અને જ્ઞાનતરંગ બંને સાથે લીધા. પહેલા 'આનંદ' કહીને તેની વાત કરી. ચોથા ગુણસ્થાને સમ્યક્ત્વની સાથે આવો અત્યંત આનંદ ઉત્પન્ન થાય છે, ને સમ્યગ્જ્ઞાનના મનોહર તરંગ ઊછળે છે, જ્ઞાનકલા ખીલે છે. શિષ્ય તત્કાળ આવો આનંદ પ્રગટ કરીને, સુંદર જ્ઞાનતરંગ વડે આત્મસ્વરૂપ સમજી જાય છે.

જુઓ તો ખરા, શિષ્યની તૈયારી કેટલી! ટૂંકામાં બધો સાર (–બાર અંગનો સાર) સમજીને તરત આનંદસહિત આત્માનો અનુભવ કરી લીધો. 'દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ આત્મા છે' એટલા ઉપદેશવડે શિષ્ય પરમાર્થ આત્માને સમજી ગયો. આટલો ભેદ વચ્ચે આવ્યો, પણ તેનું અવલંબન છોડીને શિષ્ય પરમાર્થને સમજી ગયો.

સમજતાં શું થયું? કે અત્યંત આનંદનો અનુભવ થયો. ને સુંદર–મનોહર એવા સમ્યગ્જ્ઞાન તરંગ ઊછળ્યા. અહા, જાણે આનંદના દરિયા ઊછળ્યા. પરભાવોથી આત્મા જુદો પડી ગયો, ભેદનું અવલંબન છૂટી ગયું ને અભેદ જ્ઞાયકભાવમાત્ર આત્મા અનુભવમાં આવ્યો. આ રીતે સમ્યગ્દર્શન પ્રગટ થયું. સમ્યગ્દર્શન પ્રગટ થવાનું આ અપૂર્વ વર્ણન છે. સમ્યગ્દર્શન પ્રગટવાના કાળે આત્મામાં શું થાય છે તે આચાર્યદેવે બતાવ્યું છે; ને પરમાર્થ આત્માને સમજવાની અલૌકિક રીત બતાવી છે.

આવા આત્માનો જે અનુભવ કરવા માંગે છે તે જીવને શુદ્ધનયના વિષયરૂપ શુદ્ધ આત્માનો જ મહિમા છે; તેને બહારની કોઈ ક્રિયાનો મહિમા નથી, ને અંદર ગુણભેદના વિકલ્પનોય મહિમા એને નથી. એ તો બધા અશુદ્ધનયના વિષયો છે. અંદરમાં શુદ્ધનયના વિષયરૂપ જે એકાકાર જ્ઞાયક આત્મા તેને જ તે અનુભવમાં લેવા માંગે છે.

અજ્ઞાની જીવો આવા શુદ્ધ આત્માને જાણતા નથી, પણ અશુદ્ધનયના વિષયને જ તે આત્મા તરીકે અનુભવે છે. એવા જીવને સમજાવવા "જ્ઞાન તે આત્મા આનંદ તે આત્મા" એમ ગુણ–ગુણીભેદદ્વારા ઉપદેશ કર્યો, ત્યાં પ્રયોજન ભેદના વિકલ્પનું નથી, અભેદ આત્માનું લક્ષ કરાવવાનું જ પ્રયોજન છે. ને એવા આત્માને લક્ષમાં લઈને સમજે ત્યારે સમ્યગ્જ્ઞાનના ને આનંદના તરંગ ઊછળે છે.–એ રીતે સમ્યગ્દર્શન પામે છે.

## આત્માને સમજ્યાની નિશાન

આત્માના અનુભવનું આ ખાસ લક્ષણ અને ટ્રેડમાર્ક છે કે અત્યંત આનંદથી એના

અંતરમાં સુંદર બોધતરંગ ઊછળે છે. જુઓ, આ આત્મા સમજ્યાની નિશાની! બહારના ઉઘાડની સાથે સંબંધ નથી, અંદરનું કાર્ય અંદરમાં થાય છે. આત્મા સમજવા માટે જ્ઞાની સામે ટગટગ જોતો હતો, તેણે જ્ઞાનને અંતરમાં એકાગ્ર કર્યું કે તુરત જ અંતરમાં આનંદની ઉત્પત્તિ થઈ; તુરત જ ઉપદેશ પરિણમી ગયો, તે અનુસાર અંદરમાં અનુભવ પ્રગટ ક્યો; એ રીતે અધિગમજ સમ્યક્ત્વની વાત આચાર્યદેવે લીધી છે. સમજનારને ઊંડી ધગશ છે એટલે જાણે ઉપદેશ દેનારની હાજરીમાં જ અનુભવ કરી લ્યે છે એવી શૈલિ છે. જેવી વાત કાને પડી કે તુરત જ અંદર પરિણમી ગઈ. જેવું ગુરુએ સંભળાવ્યું તેવું સમજીને શિષ્યે અનુભવ્યું. ત્યાં અંદર નિર્વિકલ્પ આનંદસહિત સુંદર મનોહર જ્ઞાનતરંગ ઊછળે છે. ‘અનુભવ થતાં આત્મામાં અતીન્દ્રિય સુખનો સાગર ઊછળ્યો!’ અનંતકાળમાં નહિ મળેલો એવો આનંદ ને ઉલ્લાસ એને સ્વસંવેદનમાં થાય છે.

લક્ષને ભેદ ઉપરથી ખસેડીને જ્યાં અંદર અભેદ આત્મામાં આવ્યો ત્યાં સુંદર ‘જ્ઞાનચેતના’ જાગી, સાથે આનંદનો અનુભવ થયો, ‘ચૈતન્યના આ.....આત્મા આ....હું આવો....મારો સ્વાદ આ.....’ એમ વિકલ્પ વગરનો આત્માનો સાક્ષાત્કાર કર્યો ત્યારે આત્મા શબ્દને અર્થ સુંદર રીતે–સાચી રીતે સમજ્યો. અને આ જે આનંદ અને જ્ઞાનનું વેદન થયું તે જ હું છું–એમ પોતે પોતાને બરાબર ઓળખ્યો. બોલતાં ને બીજાને સમજાવતાં આવડે કે ન આવડે તેની સાથે સંબંધ નથી, અંદર આત્મામાં એકાગ્ર થયો ને આનંદના અનુભવ સહિત સમ્યગ્જ્ઞાનના કિરણ ફૂટયા ત્યારે જ સમજ્યો એમ કહ્યું. આવી દશા વગર શાસ્ત્રના ભણતરથી કદાચિત ‘આત્મા’ ની વાત કરે તોપણ તે આત્મા’ ના ભાવને સમજ્યો છે એમ કહેતા નથી. અહીં તો વાચ્ય–વાચકના અપૂર્વ મેળની વાત છે. ‘આત્મા’ એવો વાચક શબ્દ કહેનાર જ્ઞાનીના આશયમાં જેવું વાચ્ય હતું તેવું વાચ્ય પોતે અંતર્મુખ થઈને પકડી લીધું, ત્યારે ‘આત્મા’ શબ્દનો અર્થ સમજ્યો–એ સમજ્યાની નિશાની શું? તો કહે છે કે તરત જ એના અંતરમાં અત્યંત આનંદસહિત સુંદર બોધતરંગ ઊછળ્યા, તે આત્માને સમજ્યાની નિશાની છે.

અહા, કુંદકુંદાચાર્યદેવની શૈલી જ કોઈ અલૌકિક છે. ધોધમાર દિવ્યધ્વનિ જેવા તેમનાં વચનો છે. તેઓ કહે છે કે અમે અમારા અને શ્રોતાના આત્મામાં સિદ્ધપણું સ્થાપીને શરૂઆત કરીએ છીએ; આવું માંગળિક કરીને સિદ્ધને સાથે રાખીને સાધકભાવમાં ઊપડયા, તે હવે સિદ્ધપદ સુધી વચ્ચે ક્યાંય અટકવાના નથી.

## શ્રોતાની શ્રવણમાં અપૂર્વતા

જુઓ તો ખરા, શ્રોતા પણ કેવો લીધો છે! કે આત્માનો ખપી છે. એકલા આત્માનો ખપી છે. આચાર્યદેવે ઉપદેશમાં જે કહ્યું તે તુરત જ સુંદર રીતે સમજી જાય છે. “જ્ઞાન તે આત્મા–એમ કહીને શ્રીગુરુ મને જે બતાવવા માગે છે તે આ” એમ અંતરમાં વાચ્ય તરફ વળીને જ્યારે સ્વસંવેદન કર્યું ત્યારે સુંદર બોધતરંગ ઊછળ્યા એટલે રાગથી

જુદો પડી ગયો; વ્યવહારના ભેદનો આશ્રય છોડીને પરમાર્થસ્વભાવમાં પહોંચી ગયો; ત્યાં પૂર્વે નહિ સમજેલું સમજ્યો, ને પૂર્વે નહિ સાંભળેલું સાંભળ્યું, વાચ્ય–વાચકભાવની સંધિપૂર્વકનું આવું શ્રવણ પૂર્વે કદી કર્યું ન હતું. પહેલાં 'વ્યવહારીજન' હતો તે હવે પરમાર્થને પામી ગયો. વચ્ચે આવેલ ભેદ–વ્યવહારમાં તે અટકી ન રહ્યો પણ તેના પરમાર્થને સમજી ગયો.

આ રીતે પરમાર્થ સમજાવતાં વ્યવહારદ્વારા (ભેદદ્વારા) તેનું પ્રતિપાદન થતું હોવાથી તે વ્યવહારનય સ્થાપન કરવાયોગ્ય છે, પણ અનુસરવા યોગ્ય નથી; પરમાર્થ સ્વભાવને જ અનુસરવું યોગ્ય છે, ને વ્યવહારનું અનુસરણ છોડવા જેવું છે.

જુઓ, શિષ્ય પણ જ્યારે વ્યવહારનું અનુસરણ છોડીને, પરમાર્થસ્વભાવમાં વળ્યો ત્યારે તેને આનંદસહિત સમ્યક્ જ્ઞાનતરંગ ઊછળ્યા. કહેનારા આચાર્ય પણ વ્યવહારના વિકલ્પમાં રોકાતા નથી, ને શ્રોતા–શિષ્યજને પણ વ્યવહારના વિકલ્પમાં રોકાવા જેવું નથી. અભેદમાં અંતર્મુખ થા.....તો 'આત્મા' સમજાય.

જુઓ, આ ગાથામાં 'વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે' એમ કહ્યું તેથી કાંઈ તે વ્યવહારના અવલંબનનો ઉપદેશ નથી, ઊલટું તે વ્યવહાર બતાવીને તેનું અવલંબન છોડાવ્યું છે. જો ભાઈ! વચ્ચે ગુણગુણી ભેદનો આવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી પણ તેના અવલંબનમાં તું ન અટકીશ, તે વ્યવહારનય અનુસરવાયોગ્ય નથી. શિષ્ય પણ એવો છે કે ગુરુના–જ્ઞાનીના અંતરંગભાવને બરાબર સમજી લ્યે છે. કથનમાં ભેદ આવતો હોવા છતાં જ્ઞાનીનો અંતરંગ અભિપ્રાય અંદરનો પરમાર્થ સ્વભાવ બતાવવાનો છે. એવા અંતરંગ અભિપ્રાયને સમજીને શિષ્ય પોતે અંતર્મુખ થઈને પરમાર્થ સ્વભાવને તરત સમજી જાય છે. પછી કરશું એમ કહીને છોડી દેતો નથી, પણ એટલી પાત્રતા છે કે તરત જ સમજી જાય છે. પહેલાં ભેદથી લક્ષ હતું ત્યાં સુધી હજી સમજેલો ન કહ્યો, પણ જ્યારે આનંદસહિત અંદર ભાવશ્રુતના સુંદર તરંગ ઊછળ્યા ત્યારે તે શિષ્ય આત્માને સમજ્યો એમ કહ્યું.

**ચૈતન્યનિધાન ખોલનાર, અપૂર્વ આત્મસ્વરૂપ સમજાવીને મુમુક્ષુઅંતરમાં આનંદમય સુંદર બોધતરંગ ઉછાળનાર અપૂર્વ રત્નનિધિ એવા સન્તોને નમસ્કાર હો.**

આવતા અંકે આત્મધર્મના ચાલુવર્ષના બધા ગ્રાહકોનું લવાજમ પૂરું થાય છે. તો આગામીવર્ષનું (સં. ૨૦૨૩નું) લવાજમ ત્રણ રૂપિયા નીચેના સરનામે વેલાસર મોકલી આપવા વિનંતિઃ

**શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)**

# જ્ઞાનીનું મધુર વેદન

અંતરમાં અમૃતના સાગરમાં ડૂબકી દઈને ધર્માત્માઓએ ચૈતન્યના આનંદનું જે મધુર વેદન કર્યું છે–તેના વર્ણનદ્વારા આચાર્યદેવે જ્ઞાનીની ઓળખાણ કરાવી છે, જે ઓળખાણ અતિ આનંદકારી છે ને અજ્ઞાનનો નાશ કરનારી છે.

અજ્ઞાનથી જ વિકારનું કર્તાપણું છે, ને જ્ઞાનથી તે કર્તાપણાનો નાશ થાય છે-આમ જે જીવ જાણે છે તે સકલ પરભાવનું કર્તૃત્વ છોડીને જ્ઞાનમય થાય છે. નિશ્ચયને જાણનારા જ્ઞાનીઓએ એમ કહ્યું છે કે આત્મા અજ્ઞાનથી જ વિભાવનો કર્તા થાય છે. જ્યાં ભિન્ન ચૈતન્યસ્વભાવનું ભાન થયું ત્યાં પોતાના શુદ્ધ ચૈતન્ય સિવાય બીજે ક્યાંય આત્મવિકલ્પ થતો નથી, એટલે તે જ્ઞાની સમસ્ત પરભાવને પોતાના સ્વભાવથી ભિન્ન જાણતો થકો તેનું કર્તૃત્વ છોડી દે છે.

જુઓ, આ જ્ઞાનનું કાર્ય! જ્ઞાની થયો તે આત્મા પોતાના ચૈતન્યના ભિન્ન સ્વાદને જાણે છે. જ્યાં ચૈતન્યના અત્યંત મધુર શાંતરસનો સ્વાદ જાણ્યો ત્યાં કડવા સ્વાદવાળા કષાયોમાં આત્મબુદ્ધિ કેમ થાય? રાગાદિ ભાવો મારા સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલા છે. એમ જ્ઞાનીને જરાપણ ભાસતું નથી. શુદ્ધજ્ઞાનમય પરમ ભાવ જ તેને પોતાનો ભાસે છે, તેથી શુદ્ધજ્ઞાનમય સ્વભાવના આધારે તેને નિર્મળ જ્ઞાનભાવોની જ ઉત્પત્તિ થાય છે અને તેનો જ તે કર્તા થાય છે. વિકલ્પની ઉત્પત્તિ જ જ્યાં મારા જ્ઞાનમાં નથી તો પછી તે વિકલ્પવડે જ્ઞાનની પુષ્ટિ થાય-એ વાત ક્યાં રહી ?-આથી જ્ઞાનીને જ્ઞાનથી ભિન્ન સમસ્ત વિકલ્પોનું કર્તૃત્વ છૂટી ગયું છે.

આ આત્મા અનાદિથી અજ્ઞાની વર્તે છે, તેને પોતાના સ્વભાવના સ્વાદનું અને વિકારના સ્વાદનું ભેદજ્ઞાન નથી એટલે બંનેને એકમેકપણે અનુભવે છે; દેહથી ભિન્નતાની વાત તો સ્થૂળમાં ગઈ, અહીં તો અંદરના

અરૂપી! વિકલ્પોથી પણ ચૈતન્યની ભિન્નતા બતાવવી છે. અજ્ઞાનીને ભેદજ્ઞાનની શક્તિ બીડાઈ ગઈ છે, ભેદજ્ઞાન કરવાની શક્તિ તો દરેક આત્મામાં છે પણ અજ્ઞાની તે શક્તિ પ્રગટ કરતો નથી, તેની તે શક્તિ અનાદિથી બિડાઈ ગયેલી છે. આવા અજ્ઞાનને લીધે જ તે પોતાને અને પરને એકમેક માને છે, જ્ઞાનને અને રાગને એકમેક અનુભવે છે. ‘હું ચૈતન્ય છું’-એવો સ્વાનુભવ કરવાને બદલે ‘હું ક્રોધ છું, હું રાગ છું’-એમ તે અનુભવે છે. અહો, દિવ્યધ્વનિ ચૈતન્યના એકત્વસ્વભાવનો ઢંઢેરો વગાડે છે, ગણધરો-સંતો અને ચારે અનુયોગના શાસ્ત્રો ભેદજ્ઞાનનો ઢંઢેરો પીટીને કહે છે કે ચૈતન્યસ્વભાવ તો અનાદિ-અનંત, અકૃત્રિમ, નિર્મળ વિજ્ઞાનઘન છે, ને રાગાદિભાવો તો ક્ષણિક, નવા, પરાશ્રયે, ઉત્પન્ન થયેલા મલિન ભાવો છે, તેમને એકતા કેમ હોય?-ન જ હોય.-પણ અજ્ઞાની આવા વસ્તુસ્વભાવથી ભ્રષ્ટ થઈને વારંવાર અનેક વિકલ્પરૂપે તદ્રૂપ પરિણમતો થકો તેનો કર્તા પ્રતિભાસે છે.

અહીં તો તે કર્તાપણું છૂટવાની વાત સમજાવવી છે. “રાગાદિનું કર્તાપણું અજ્ઞાનથી જ છે” -એમ જે જીવ જાણે છે તે જીવ તે રાગાદિના કર્તૃત્વને અત્યંતપણે છોડે છે. મારા ચૈતન્યસ્વભાવમાં રાગનું કર્તૃત્વ છે જ નહિ. રાગની ખાણ મારા ચૈતન્યમાં નથી, મારી ચૈતન્યખાણમાં તો નિર્વિકલ્પ અનાકુળ શાંતરસ ભર્યો છે. શાંતરસનો સ્વાદ તે જ મારો સ્વાદ છે, જે આકુળતા છે તે મારો સ્વાદ નથી, તે તો રાગનો સ્વાદ છે-એમ બંનેના સ્વાદને અત્યંત ભિન્ન જાણતો થકો જ્ઞાની, ચૈતન્યને અને રાગને એકસ્વાદપણે નથી અનુભવતો, પણ ચૈતન્યના સ્વાદને રાગથી જુદો જ અનુભવે છે. ચૈતન્યના આનંદના નિધાનને પહેલાં અજ્ઞાનથી તાળાં દીધા હતા, તે તાળાંને ભેદજ્ઞાનરૂપી ચાવી વડે ખોલી નાંખ્યા, ચૈતન્યના આનંદનિધાનને ખુલ્લા કરીને તેનું સ્વસંવેદન કર્યું. જ્યાં પોતાના નિજરસને જાણ્યો ત્યાં વિકારનો રસ છૂટી ગયો, તેનું કર્તૃત્વ છૂટી ગયું. પહેલાં નિરંતર વિકારનો સ્વાદ લેતો તેને બદલે હવે નિરંતર સ્વભાવના આનંદનો સ્વાદ લ્યે છે.

જુઓ, આ ચોથા ગુણસ્થાનવાળા સમકિતી ધર્માત્માની દશા! જે સાધક થયો, જે મોક્ષના પંથે ચડયો, અંતરમાં જેને ચૈતન્યના ભેટા થયા, એવા ધર્માત્મા-જ્ઞાની મતિશ્રુતજ્ઞાનથી ચૈતન્યના અતીન્દ્રિય આનંદનું સ્વસંવેદન કરે છેઃ અહા, જગતના રસથી જુદી જાતનો ચૈતન્યનો રસ છે.

ઈંદ્રપદના વૈભવમાં પણ તે રસ નથી. સમકિતી ઈંદ્રો જાણે છે કે અમારા ચૈતન્યના અતીન્દ્રિય સ્વાદ પાસે આ ઈંદ્રપદ તો શું!-આખા જગતનો વૈભવ પણ તૂચ્છ છે. ચૈતન્યનો રસ અત્યંત મધુર..... અત્યંત શાં....ત! અત્યંત નિર્વિકાર...જેના સંવેદનથી એવી પ્રાપ્તિ થાય કે આખા જગતનો રસ ઊડી જાય. શાં....ત શાં.....ત ચૈતન્યનું મધુરું વેદન થયું ત્યાં આકુળતાજનક એવા કષાયોનું કર્તૃત્વ કેમ રહે? કષાયોથી અત્યંત ભિન્નતાનું ભાન થયું. જુઓ, સ્વસન્મુખ થઈને આવા સ્વાદનું સ્વસંવેદન કરવાની મતિ શ્રુતજ્ઞાનની તાકાત છે. મતિ-શ્રુતને સ્વસન્મુખ કરીને ધર્માત્મા આવા ચૈતન્યસ્વાદનું પ્રત્યક્ષ સ્વસંવેદન કરે છે.

અહા, જુઓ તો ખરા કેવા શાંતભાવો આચાર્યદેવે ભર્યા છે! અમૃતના સાગર કેમ ઊછળે-તે વાત અમૃતચંદ્રાચાર્યદેવે આ સમયસારમાં સમજાવી છે.

સાધકની અંદરની શું સ્થિતિ છે તેની જગતના જીવોને ખબર નથી; એના હૃદયના ગંભીર ભાવો ઓળખવાનું સાધારણ જીવોને મુશ્કેલ પડે તેવું છે. સમજવા માગે તો બધું સુગમ છે. આ ભાવો સમજે તો અમૃતના સાગર ઊછળે ને ઝેરનો સ્વાદ છૂટી જાય. ભેદજ્ઞાનનો આ મહિમા છે. ભેદજ્ઞાન થતાં જ જીવની આવી દશા થાય છે. જ્ઞાની ધર્માત્મા ચૈતન્યરસના સ્વાદ પાસે જગતના બધા સ્વાદ પ્રત્યે સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો છે, રાગાદિને પણ અત્યંત ઉદાસીન અવસ્થાવાળો રહીને માત્ર જાણે જ છે. પણ તેનો કર્તા થતો નથી. આ રીતે જ્ઞાયકસ્વભાવને જ સ્વપણે અનુભવતો જ્ઞાની નિર્વિકલ્પ-અકૃત્રિમ-એક વિજ્ઞાનપણે પરિણમતો થકો અન્ય ભાવોનો અત્યંત અકર્તા જ છે.-આવી દશાથી સાધક ઓળખાય છે. આવી અંતરદશાથી જ્ઞાનીને ઓળખતાં અતિ આનંદ થાય છે ને વિકારમાં તન્મયબુદ્ધિરૂપ અજ્ઞાનનો નાશ થઈને અપૂર્વ ભેદજ્ઞાન પ્રગટ થાય છે.

# ભગવાન ઋષભદેવ

## તેમના છેલ્લા દસ અવતારની કથા

( મહા પુરાણના આધારે લે બ્ર. હરિલાલ જૈનઃ લેખાંક છઠ્ઠો )

*



મહાબલ રાજા | લલિતાંગ દેવ | વજ્રજંઘ–શ્રીમતી | ભોગભૂમિમાં સમ્યક્ત્વ | શ્રીધર દેવ

[ ૬ ]

## ઋષભદેવનો પૂર્વનો પાંચમો ભવઃ સુવિધિરાજા ( શ્રાવકધર્મનું પાલન )

શ્રીધરદેવ ઐશાન સ્વર્ગનું આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યુત થઈને આપણા ચરિત્રનાયક જંબુદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં મહાવત્સ દેશની સુસીમાનગરીમાં અવતર્યા. સુવિધિકુમાર એમનું નામ. તેમના પિતા સુદૃષ્ટિ રાજા, અને માતા સુન્દરનંદા. અનેક કળાનો ભંડાર તે સુવિધિકુમાર બાલ્ય અવસ્થામાં જ બધાને આનંદિત કરતો હતો, અને તેને સમીચીન ધર્મના સંસ્કાર પ્રગટયા હતા.–એ ખરું જ છે કેમકે આત્મજ્ઞાની પુરુષોનું ચિત્ત સદાય આત્મકલ્યાણમાં જ અનુરક્ત રહે છે. સુશોભિત મુકુટથી અલંકૃત ઉન્નત મસ્તકથી માંડીને સ્વાભાવિક લાલાશવાળા ચરણકમળ સુધીની સર્વાંગસુંદરતાને ધારણ કરનાર તે રાજકુમાર ઉત્તમ સામુદ્રિક લક્ષણો વડે બધાના મનનું હરણ કરતો હતો. યુવાનીમાં ઉદ્રેક કરનારા કામ–ક્રોધાદિ શત્રુઓને તે જિતેન્દ્રિય રાજકુમારે યૌવનની શરૂઆતમાં જ જીતી લીધા હતા, તેથી યુવાન હોવા છતાં પણ તે વૃદ્ધ–સમાન ગંભીર

દેખાતો હતો. ખરૂં જ છે, ધર્મના આરાધક જીવને માટે કામ–ક્રોધાદિ શત્રુઓને જીતવા એ કાર્ય સહજ છે.

અભયઘોષ–ચક્રવર્તીની પુત્રી મનોરમા સાથે તેના વિવાહ થયા; ઐશાન સ્વર્ગમાંથી સ્વયંપ્રભ નામનો દેવ (શ્રીમતીનો જીવ, કે જે ભવિષ્યમાં શ્રેયાંસકુમાર થવાનો છે તે) અહીં સુવિધિકુમારને ત્યાં કેશવ નામના પુત્ર તરીકે ઉપજ્યો. વજ્રજંઘની પર્યાયમાં જે તેની શ્રીમતી–સ્ત્રી હતી તે જ અહીં તેનો પુત્ર થઈ. અરે, શું કહેવું? સંસારની સ્થિતિ જ એવી છે! તે પુત્ર ઉપર સુવિધિ રાજાને ઘણો જ પ્રેમ હતો. જીવોને પુત્ર ઉપર સહેજે પ્રેમ હોય છે તો પછી પૂર્વ ભવની પ્રિય સ્ત્રીનો જ જીવ જ્યાં પુત્રપણે અવતર્યો ત્યાં તેના ઉપરના પ્રેમનું તો શું કહેવું?

સિંહ, નોળિયો, વાંદરો અને ભૂંડ–એ ચારેના જીવ ભોગભૂમિમાં સાથે ઉપજીને સમ્યક્ત્વ પામ્યા હતા ને પછી ઈશાન સ્વર્ગમાં પણ સાથે જ હતા, તેઓ ત્યાંથી ચવીને આ વત્સકાવતી દેશમાં જ સુવિધિકુમારની સમાન વિભૂતિના ધારક રાજપુત્રો થયા. વરદત્ત, વરસેન, ચિત્રાંગદ અને પ્રશાંતદમન નામના તે ચારે રાજપુત્રોએ ઘણા કાળ સુધી રાજવૈભવ ભોગવ્યો. રાજવૈભવની વચ્ચે પણ ચૈતન્યવૈભવને તેઓ ભૂલ્યા ન હતા; આત્માનું ભાન તેમને સદૈવ વર્તતું હતું.

એકવાર અભયઘોષ ચક્રવર્તીની સાથે તે ચારેય રાજપુત્રો વિમલવાહન–જિનેન્દ્રદેવની વન્દના કરવા માટે ગયા; ત્યાં બધાયે ભક્તિપૂર્વક વંદના કરીને પ્રભુનો દિવ્ય ઉપદેશ સાંભળ્યો. અહા, એ દિવ્યધ્વનિની શી વાત! શી એની ગંભીરતા! એ સાંભળતાં બધાય ચૈતન્ય–રસમાં મશગુલ બન્યા અને સંસારથી વિરક્ત થઈને જિનદીક્ષા ધારણ કરી. ચક્રવર્તીની સાથે બીજા અઢાર હજાર રાજાઓ તથા પાંચ હજાર પુત્રોએ પણ દીક્ષા લીધી. એ બધાય મુનિવરો સંવેગ અને નિર્વેદરૂપ પરિણામ વડે મોક્ષના માર્ગને સાધતા હતા. રત્નત્રય ધર્મમાં અને તેના ફળમાં ઉત્કૃષ્ટ પ્રીતિ કરીને ઉત્સાહપૂર્વક તેની આરાધના કરવી તે સંવેગ છે. અને શરીર, ભોગ તથા સંસાર પ્રત્યે અતિશય વિરક્ત પરિણામ તે નિર્વેદ છે. આવા સંવેગ–નિર્વેદપૂર્વક તે મુનિવરો મોક્ષમાર્ગને સાધવા લાગ્યા.

આપણા ચરિત્રનાયક ભગવાન આદિનાથ કે જે સુવિધિરાજા થાય છે–તેના પૂર્વભવના સાથીદારો તો આ રીતે મુનિ થયા; પણ રાજા સુવિધિ કેશવપુત્રના તીવ્ર સ્નેહને લીધે મુનિપણું લઈ ન શક્યા; તેથી મુનિપણાની ભાવના રાખીને તેઓ શ્રાવકના ઉત્કૃષ્ટ ધર્મોનું પાલન કરવા લાગ્યા. જિનેન્દ્ર ભગવાને ગૃહસ્થધર્મમાં સમ્યક્ત્વ ઉપરાન્ત અગિયાર સ્થાનો (અગિયાર પ્રતિમા) કહે છે; (૧) દર્શન પ્રતિમા, (૨) વ્રત પ્રતિમા, (૩) સામાયિક,

(૪) પ્રૌષધ (૫) સચિત્તત્યાગ, (૬) દિવસે મૈથુનત્યાગ, અથવા રાત્રિભોજનત્યાગ, (૭) બ્રહ્મચર્ય, (૮) આરંભત્યાગ, (૯) પરિગ્રહત્યાગ (૧૦) અનુમતિત્યાગ અને (૧૧) ઉદિષ્ટત્યાગ; સુવિધિરાજા શ્રાવકધર્મનાં આ અગિયાર સ્થાનોનું ક્રમક્રમથી પાલન કરતાં હતા. અહિંસા વગેરે પાંચ અણુવ્રતોનું તેઓ પાલન કરતા હતા. તે દરેક અણુવ્રતોની પોષક પાંચ-પાંચ ભાવનાઓ છે. આચાર્ય મહારાજ કહે છે કે જો આ પાંચ અણુવ્રત તે દરેક વ્રતની પાંચ-પાંચ ભાવનાઓ સાથે અને સમ્યગ્દર્શનની વિશુદ્ધિથી સંયુક્ત ધારણ કરવામાં આવે તો તેનાથી ગૃહસ્થને મોટા મોટા ફળની પ્રાપ્તિ થાય છે. ગૃહસ્થોને માટે બાર વ્રતનું પાલન તે સ્વર્ગરૂપી રાજમહેલની સીડી છે, અને તે નરકાદિ દુર્ગતિને દૂર કરનાર છે. સમ્યગ્દર્શનવડે વ્રતોની શુદ્ધતાને પામેલા તે રાજર્ષિ સુવિધિ દીર્ઘકાળ સુધી શ્રાવકપણે રહીને શ્રેષ્ઠ મોક્ષમાર્ગની આરાધના કરતા હતા. અને જીવનના અંત સમયે તેમણે સર્વ પરિગ્રહ છોડીને દિગંબર મુનિદીક્ષા ધારણ કરી, ને વિધિપૂર્વક ઉત્કૃષ્ટ મોક્ષમાર્ગની આરાધના કરીને સમાધિપૂર્વક શરીર છોડયું ને અચ્યુતસ્વર્ગમાં ઇન્દ્રપણે ઊપજ્યા. તથા તેનો પુત્ર કેશવ (-શ્રીમતીનો જીવ) પણ નિર્ગ્રંથ મુનિ થઈ સમાધિમરણપણે દેહ છોડી તે અચ્યુતસ્વર્ગમાં પ્રતીન્દ્રપણે ઊપજ્યો. વરદત્ત આદિ ચારે રાજપુત્રો (સિંહ વગેરેના ચારે જીવો) પણ પોતપોતાના પુણ્યોદયથી તે અચ્યુત સ્વર્ગમાં જ ઈંદ્ર સમાન ૠદ્ધિધારક દેવ થયા.-ખરૂં જ છે, પૂર્વભવના સંસ્કારોથી જીવો એક જગ્યાએ એકઠા થઈ જાય છે.

## [૭]

## ભગવાન ૠષભદેવનો પૂર્વનો ચોથો ભવ: અચ્યુતેન્દ્ર

અચ્યુત સ્વર્ગના ઇન્દ્રપણે ઊપજેલા આપણા કથાનાયક દિવ્યવૈભવ સહિત હતા; દિવ્ય પ્રભાવાળું એનું શરીર સ્વભાવથી જ સુંદર હતું, વિષ કે શસ્ત્ર વગેરેથી તેને બાધા પહોંચી શકતી ન હતી. મસ્તક ઉપર ધારણ કરેલા કલ્પવૃક્ષના મનોહર પુષ્પોથી તે એવા લાગતા હતા-જાણે કે પૂર્વભવના તપશ્ચરણના મહાન ફળને માથે ઉપાડીને બધાને દેખાડતા હોય! સાથે જ ઊપજેલા આભૂષણોવડે તેનું શરીર એવું શોભતું હતું-જાણે કે તેના પ્રત્યેક અંગ ઉપર દયારૂપી વેલડીનાં ફળ ઝુલતાં હોય. કલ્પવૃક્ષની જેમ તે ઇન્દ્ર શોભતા હતા, એના ચરણોની પણ અદ્‌ભુત શોભા હતી. એના અચ્યુત સ્વર્ગમાં ઉત્પન્ન થયેલા ભોગોને તે અનુભવતા હતા. સોળમું અચ્યુત સ્વર્ગ જો કે આ મનુષ્યલોકથી છ રાજુ (અસંખ્યાતા યોજન) ઊંચે છે, છતાં પણ સુવિધિરાજાને પુણ્યપ્રભાવથી તે સ્વર્ગ ભોગોપભોગનું સ્થાન બની ગયું. ખરેખર, પુણ્યથી શું પ્રાપ્ત ન થાય!

તે ઇન્દ્રને ઉપભોગમાં આવનારા દેવવિમાનોની સંખ્યા સર્વજ્ઞપ્રણીત આગમમાં ભગવાને ૧૫૯ કહી છે. ઉત્તમ જાતિના ૩૩ દેવો સ્નેહભરી બુદ્ધિથી તેને પુત્રસમાન ગણતા હતા. તેના પરિવારમાં દશ હજાર બીજા સામાનિક દેવો હતો, તેઓનો વૈભવ જો કે ઇન્દ્રની સમાન હતો, પરંતુ ઇન્દ્રની માફક તેમની આજ્ઞા ચાલતી ન હતી. તેના અંગરક્ષક જેવા ૪૦૦૦૦ દેવો હતા. સ્વર્ગમાં જોકે કોઈ પ્રકારનો ભય નથી હોતો પરંતુ તે અંગરક્ષક દેવો ઇન્દ્રની વિભૂતિના સૂચક છે. ઇન્દ્રને ત્રણ પ્રકારની પરિષદ–સભા હોય છે. તે અચ્યુત સ્વર્ગની સીમાની રક્ષા કરનારા ચાર દિશામાં ચાર લોકપાલ હતા અને દરેક લોકપાલને ૩૨ દેવીઓ હતી, અચ્યુતેન્દ્રને આઠ મહાદેવીઓ હતી, તે ઉપરાંત બીજી ૬૩ વલ્લભિકા દેવીઓ હતી, અને એકેક મહાદેવીને અઢીસો–અઢીસો બીજી દેવીઓનો પરિવાર હતો. એ રીતે તે અચ્યુતેન્દ્રને કુલ બે હજાર–એકોતેર દેવિઓ હતી. તેનું ચિત્ત એ દેવીઓના સ્મરણ માત્રથી જ સંતુષ્ટ થઈ જતું હતું. આ ઇન્દ્રની દરેક દેવીમાં એવી વિક્રિયાશક્તિ હતી કે તે સુંદર સ્ત્રીનાં દશલાખ ચોવીસ હજાર રૂપ બનાવી શકતી હતી. દરેક દેવીને અપ્સરાઓની ત્રણ ત્રણ સભાઓ હતી. તથા તે ઇન્દ્રને હાથી, રથ, ઘોડા વગેરે સાત પ્રકારની સેના હતી–જે દેવોની જ વિક્રિયા દ્વારા બનેલી હતી. તે અચ્યુતેન્દ્ર બાવીસહજાર વર્ષમાં એકવાર આહાર કરતો હતો; તથા અગિયાર મહિને એકવાર શ્વાસ લેતો હતો. તેનું અતિ સુંદર શરીર ત્રણ હાથ ઊંચું હતું. શાસ્ત્રકાર કહે છે કે ભગવાન આદિનાથનો જીવ અચ્યુતેન્દ્રની પર્યાયમાં ધર્મના પ્રતાપે આવી ઉત્તમ વિભૂતિને પામ્યો હતો, માટે ભવ્ય જીવોએ જિનેન્દ્રદેવના કહેલા ધર્મમાં પોતાની બુદ્ધિ લગાવવી જોઈએ, ને ભક્તિપૂર્વક તેનું આરાધન કરવું જોઇએ. તે જીવ આવી બાહ્ય વિભૂતિને પામવા છતાં અંતરમાં તેનાથી ભિન્ન ચૈતન્યનું ભાન હતું. અંતરના ચૈતન્યવૈભવ પાસે આ બધા ઇન્દ્રવૈભવને તે તૂચ્છ સમજતા હતા. આ વૈભવની વચ્ચે રહીને પણ અંતરના ચૈતન્યવૈભવની મહત્તાને એક ક્ષણ પણ તે ભૂલતા ન હતા. સમ્યગ્દર્શનની અખંડ ધારા ટકાવીને સ્વર્ગનાં દિવ્ય ભોગોનો અનુભવ કરતાં; તેમાં કોઈ વાર દેવે વિક્રિયાવડે હાથીનું રૂપ ધારણ કર્યું હોય–તે હાથી ઉપર ચડીને ગમન કરતા, ક્યારેક જિનેન્દ્ર ભગવાનની મહાન પૂજા કરતા, ક્યારેક મધ્યલોકમાં આવીને તીર્થંકરદેવની વંદના કરતા. એમ આનંદપૂર્વક સ્વર્ગલોકનો દીર્ઘ કાળ પસાર કરતા હતા.

એમ કરતાં કરતાં દેવલોકમાં તેના આયુષ્યના છ મહિના જ બાકી રહ્યા અને અચ્યુત સ્વર્ગ છોડીને મધ્યલોકમાં આવવાની તૈયારી થઈ, ત્યારે તેના શરીર ઉપરની કલ્પવૃક્ષના ફૂલોની માળા એકવાર અચાનક કરમાઈ ગઈ. આના પહેલાં ક્યારેય તે માળા કરમાઈ ન હતી. સ્વર્ગથી ચ્યૂત થવાનાં જેવાં ચિહ્નો અન્ય સાધારણ દેવોને પ્રગટ થાય

છે તેવાં ઇન્દ્રોને નથી થતા, પણ કોઈક અલ્પ ચિહ્નો પ્રગટે છે. પુષ્પમાળા કરમાઈ જવાથી જો કે ઇન્દ્રને ખ્યાલ આવી ગયો હતો કે હવે અલ્પકાળમાં હું આ અચ્યુત સ્વર્ગમાંથી ચ્યુત થઈશ;–તો પણ તે ઇન્દ્ર જરાપણ દુઃખી ન થયા. કેમ કે મહાપુરુષો એવા જ ધૈર્યવાન હોય છે. જ્યારે માત્ર છ માસનું આયુષ્ય બાકી રહ્યું ત્યારે પવિત્ર બુદ્ધિવાળા તે અચ્યુતેન્દ્રે ભગવાન અર્હન્તદેવની પૂજાનો પ્રારંભ કર્યો; તે યોગ્ય જ છે કેમ કે પંડિતજનો આત્મકલ્યાણના અભિલાષી હોય છે તેથી તેવા કાર્યોમાં તે પ્રવર્તે છે. આયુના અંતસમયમાં તે ધર્માત્માએ પંચપરમેષ્ઠીપદમાં પોતાનું ચિત્ત લગાવ્યું. અને દેવલોકમાં ભોગવતાં બાકી વધેલા પુણ્યથી સંયુક્ત આપણા આ ચરિત્રનાયક સ્વર્ગમાંથી ચ્યવીને આ મનુષ્યલોકમાં અવતર્યા.

અહીં આચાર્યદેવ કહે છે–કે સ્વર્ગના દેવો જો કે સદા સુખસમ્પન્ન, મહા ધૈર્યવાન અને મોટી મોટી ઋદ્ધિના ધારક હોય છે, તથા ઇન્દ્રોનું અસંખ્ય વર્ષનું આયુષ્ય હોય છે, છતાં પણ તેઓ સ્વર્ગથી ચ્યૂત થઈ જાય છે; માટે સંસારની આવી ક્ષણભંગુર–સ્થિતિને ધિક્કાર હો. સંપૂર્ણ સુખથી ભરેલું અને પુનરાગમન રહિત એવું જે અવિનાશી મોક્ષપદ તેમાં જ મુમુક્ષુએ પોતાની બુદ્ધિ જોડવા યોગ્ય છે.

卐

**હવે આપણા કથાનાયક ભગવાન ઋષભદેવના જીવને ફક્ત ત્રણ અવતાર બાકી રહ્યા. અચ્યુત સ્વર્ગમાંથી ચવીને તે વિદેહક્ષેત્રની પુંડરીકિણીનગરીમાં વજ્રસેન તીર્થંકરના પુત્ર તરીકે અવતરશે, ચક્રવર્તી થશે, મુનિપણું લઈને તીર્થંકરપ્રકૃતિ બાંધશે, ઉપશમશ્રેણીમાં ચડીને અગિયારમા ગુણસ્થાને વીતરાગતાને અનુભવશેઃ ત્યાંથી સર્વાર્થસિદ્ધિના અહમેન્દ્ર થશે.......ને પછી છેલ્લા અવતારમાં ઋષભતીર્થંકર તરીકે અવતરીને ભરતક્ષેત્રના જીવોને માટે મોક્ષમાર્ગ ખુલ્લો મુકશે.**

**વૈરાગ્યસંપન્ન વીર અલ્પજ્ઞાન વડે પણ સિદ્ધિ પામે છે;**
**સર્વે શાસ્ત્રો ભણવા છતાં વૈરાગ્ય સિદ્ધિ પમાતી નથી-**

वीरा वेरग्गपरा थोवं पि हु सिक्खिउण सिज्झंति।
ण हु सिज्झंति विरागेण विणा पढिदेसु वि सव्वसत्थेसु।।

卐

પ ર મ શાં તિ દા તા રી

# અધ્યાત્મભાવના

આત્મધર્મની સહેલી લેખમાળા

લેખાંકઃ નં. ૪૦ ]

[ અંક ૨૭૪ થી ચાલુ

**ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામીરચિત 'સમાધિશતક' ઉપર પૂ. કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.**

**વીર સં. ૨૪૮૨ અસાડ વદ નોમઃ**

( સમાધિશતક ગા. ૭૨ ચાલુ )

આ દેહથી જુદો હું કોણ છું? અનાદિકાળથી આ ભવ–અટવીમાં પરિભ્રમણ કેમ થઈ રહ્યું છે? આત્માને શાંતિ કેમ નથી મળતી?–એમ જેને જિજ્ઞાસા જાગી હોય એવા જીવને આચાર્યદેવ શાંતિનો ઉપાય બતાવે છે. આત્મા શરીરથી જુદો હોવા છતાં, શરીરને જ પોતાનું માને છે તે ભ્રાંતિ છે, ને તે ભ્રાંતિને લીધે જ અનાદિકાળથી અશરણપણે ભવ–અટવીમાં પરિભ્રમણ કરી રહ્યો છે. લક્ષ્મીના ઢગલા કે સ્ત્રી–આદિ કુટુંબીજન તે કોઈ જીવને ક્ષણમાત્ર પણ શરણભૂત નથી પણ મૂઢ જીવ તેને શરણરૂપ માને છે ને તેમાં સુખ માને છે. જુઓ, મરણનાં છેલ્લા ટાણાં આવે, અંદર મુંઝવણથી દુઃખી થતો હોય, બહાર લક્ષ્મીના ઢગલા પડયા હોય ને સ્ત્રી–પુત્ર વગેરે ટગટગ જોતા ઊભા હોય, ત્યાં એમ પ્રાર્થના કરે કે હે લક્ષ્મીના ઢગલાઓ! હે સ્ત્રીઓ! તમે મને શરણ આપો.–તો શું તે કોઈ જીવને શરણું આપશે? શું તે દુઃખ મટાડી દેશે?–નહિ; કેમકે આ શરીર પણ જીવને શરણરૂપ નથી તો પછી તદ્ન જુદા એવા બીજા સંયોગોમાં શરણ કેવું? ભાઈ! તને શરણરૂપ તો તારો આત્મા છે. અશરીરી–અરૂપી–ચૈતન્યમૂર્તિ આત્મા જ તારું સ્વ છે, તે જ તારી ખરી લક્ષ્મી છે, એના સિવાય જગતમાં કોઈ બીજું તને શરણરૂપ નથી. અજ્ઞાની ભ્રમથી મંદકષાયને શાંતિ માની લ્યે છે, પણ તેમાં કાંઈ સાચી શાંતિ કે આનંદ નથી. હું જેટલો મારા સ્વરૂપમાં અંતર્મુખ રહું તેટલી મને શાંતિ છે, ને બહારમાં

વલણ જાય તેટલી આકુળતા છે. આવો નિર્ણય તો જ્ઞાનીએ કર્યો છે, અને તે ઉપરાંત બાહ્ય સંસર્ગ છોડીને ચૈતન્યસ્વરૂપમાં વિશેષપણે એકાગ્ર થવાની ભાવના ભાવે છે. લોકસંસર્ગથી મન ચંચળ થાય છે માટે ચૈતન્યમાં સ્થિર થવા માટે લૌકિક સંસર્ગનો પરિત્યાગ કરવો–એમ ઉપદેશ છે. ચૈતન્યસ્વરૂપ તરફ ઝુકતાં બાહ્ય સંસર્ગ પ્રત્યે વલણ જ જતું નથી; માટે કહે છે કે હે યોગી! આત્માના આનંદમાં એકાગ્ર થવા માટે તું બાહ્ય સંસર્ગને છોડ ને ચૈતન્યસ્વભાવમાં જ નિવાસ કર.

અસંગી થઈને, વિકલ્પનોય જેમાં સંસર્ગ નથી એવા અંતરના તત્ત્વને જે સાધવા માંગે છે તેને બહારનો સંગ ગમે જ નહિ. લૌકિક પ્રસંગોના જ પરિચયમાં રહ્યા કરે તો અસંગસ્વભાવ તરફ પરિણામ ક્યાંથી વળશે? કાંઈ પરવસ્તુ આના પરિણામને બગાડતી નથી પણ પર તરફના સંગનો પ્રેમ તે અંતરની એકાગ્રતાને રોકે છે. માટે એવો ઉપદેશ છે કે મુમુક્ષુએ લૌકિકજનોના પરિચયના પ્રસંગમાં બહુ ન આવવું. શ્રીમદ્‌રાજચંદ્ર પણ કહે છે કે લોકસંજ્ઞાવડે લોકાગ્રે જવાતું નથી; એટલે કે લોકપરિચયના પરિણામ રહ્યા કરે ને આત્માનો મોક્ષ પણ સધાય એમ બનતું નથી. ભલે નિમિત્ત પરિણામને બગાડતું નથી, પણ તારું વલણ શુદ્ધઆત્મામાંથી ખસીને નિમિત્તના સંગ તરફ કેમ ગયું? ઉપદેશમાં તો નિમિત્તથી કથન આવે કે તું પરસંગ છોડ; જ્યાં શોરબકોર ચાલતો હોય ને વિષયકષાયોની વાતો થતી હોય એવા પ્રસંગનો સંગ તું છોડ, એટલે ચૈતન્યમાં તારું ચિત્ત જોડ; બહારના સંગમાંથી લક્ષ હઠાવીને એકાન્તમાં અંદર ઊતરીને આત્માનું ધ્યાન કર. મુમુક્ષુએ એકાન્તમાં રહીને આત્માને સાધવો. આત્માની સાધના અંદર સમાય છે; એ કાંઈ બીજાને દેખાડવા માટે નથી. અંદરના સૂક્ષ્મ સંકલ્પ–વિકલ્પો પણ સ્વરૂપની સ્થિરતાના બાધક છે, તો પછી બહારના સંગ તરફ લક્ષ જાય તે તો બાધક છે જ. એથી કરીને બહારના લક્ષવાળાને મિથ્યાત્વ છે–એમ નથી, પણ બહારનું લક્ષ અંતરમાં સ્થિરતા થતા દેતું નથી એટલે અંતિમ ધ્યેયરૂપ જે મોક્ષ તેને તે રોકે છે. માટે હે ભવ્ય! આત્માને સાધવા તું બહારનું લક્ષ છોડીને અસંગપણે અંતરની ચૈતન્ય ગૂફામા જા....ને તેનું ધ્યાન કર. ।। ૭૨ ।।

બાહ્ય સંસર્ગથી ચિત્ત ક્ષુબ્ધ થાય છે, માટે બાહ્ય લૌકિકજનોનો સંસર્ગ છોડવા જેવો છે–એમ કહ્યું. ત્યાં કોઈ બહિરાત્મા એમ સમજે કે “આ બધું છોડીને જંગલમાં એકલા જઈને રહેવું, એકાંત જંગલમાં જવાથી આત્મામાં એકાગ્રતા થશે; ગામમાં મને ધર્મ નહિ થાય ને જંગલમાં થશે;–આ પ્રમાણે બહારના સંયોગ–વિયોગ ઉપર જેની દ્રષ્ટિ છે તે અનાત્મદર્શી,–તે આત્માને નથી દેખતો પણ સંયોગને જ દેખે છે; ને આત્માને દેખનાર જ્ઞાની તો પરથી ભિન્ન નિજાત્મામાં નિશ્ચલપણે રહે છે–એ વાત હવેના શ્લોકમાં કહે છે–

ग्रामोऽरण्यमिति द्वेघा निवासोऽनात्मदर्शिनाम्
दष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चलः।। ७३ ।।

જે અનાત્મદર્શી છે, આત્માનું દર્શન અને અનુભવન જેને થયું નથી તે જ 'આ ગામ અને આ જંગલ' એમ બે પ્રકારના નિવાસસ્થાનની કલ્પના કરે છે, એટલે તે બહારમાં પોતાનો નિવાસ માને છે; પણ જેણે આત્મસ્વરૂપનો અનુભવ કર્યો છે એવા આત્મદર્શી અંતરાત્મા તો પરથી ભિન્ન રાગાદિરહિત શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માને જ પોતાનું નિશ્ચલ નિવાસસ્થાન માને છે, ને બાહ્ય સંસર્ગ છોડીને તે અંતરસ્વરૂપમાં વાસ કરે છે–તેમાં એકાગ્ર થઈને રહે છે. અજ્ઞાનીની બાહ્યદ્રષ્ટિ છે એટલે જ્યાં લોકસંસર્ગ છોડવાનું કથન આવે ત્યાં તેની દ્રષ્ટિ જંગલ ઉપર જાય છે; કેમ જાણે જંગલમાં એની શાંતિ હોય! ભાઈ, જંગલમાં પણ તારી શાંતિ નથી, શાંતિ તો આત્મામાં છે, માટે આત્મામાં ઊંડો ઊતર તો તને શાંતિ થાય. બહારની જંગલની ગૂફામાં તો સિંહ–વાઘ ને સર્પો પણ રહે છે; માટે તું અંતરના ચૈતન્યની ગિરિગૂફામાં જઈને ધ્યાન કર–તો તને આનંદનો અનુભવ થાય. અહો! મુનિવરો ચૈતન્યગૂફામાં ઊંડા ઉતરીને ધ્યાન કરતા હોય ત્યારે એવા આનંદમાં લીન હોય છે કે જાણે સિદ્ધભગવાન! આવા અંતરના સ્વરૂપને ભૂલીને અજ્ઞાનીની દ્રષ્ટિ બાહ્ય જંગલમાં જાય છે. લોકસંસર્ગ છોડવાની વાત આવે ત્યાં જ્ઞાનીનું વલણ અંતરસ્વરૂપમાં જાય છે.......કે હું તો જગતથી જુદો જ છું ને જગત મારાથી જુદું જ છે; મારા સ્વરૂપમાં જગતનો પ્રવેશ નહિ, ને જગતમાં મારો વાસ નહિ; મારું ચિદાનંદસ્વરૂપ તે જ મારું નિવાસસ્થાન છે, એ સિવાય બહારનું જંગલ કે મહેલ તે કાંઈ મારું નિવાસસ્થાન નથી. અજ્ઞાનીએ જંગલમાં શાંતિ માનીને, જંગલ પ્રત્યે પ્રેમ કર્યો, પણ આત્માતરફ વલણ ન કર્યું,–તેથી જંગલમાં પણ તેને શાંતિ નહિ મળે.

અહો! આવો માનવઅવતાર મળ્યો.......તેમાં જેને લૌકિક સજ્જનતા મંદકષાય વગેરે પણ ન હોય એવા જીવો તો મનુષ્યઅવતાર એળે ગૂમાવી દેશે.....અને એકલા લૌકિક મંદકષાયમાં જ ધર્મ માનીને રોકાઈ જશે ને ચૈતન્યતત્ત્વ શું છે તે સમજવાની દરકાર નહિ કરે તો તેનો અવતાર પણ નિષ્ફળ ચાલ્યો જશે, તેને આત્માની શાંતિ નહિ થાય. માટે આચાર્યભગવાન કહે છે કે અરે જીવો! આવો દુર્લભ માનવઅવતાર મળ્યો તો આત્માનું હિત શું છે તેનો ઉપાય કરો. આ દેહ અને લક્ષ્મીના સંયોગો તો આત્માથી જુદા જ છે, તે બધા અહીં પડયા રહેશે ને આત્મા બીજે ચાલ્યો જશે. માટે તે શરીરાદિથી ભિન્ન ચૈતન્યતત્ત્વ શું છે તેને લક્ષમાં લ્યો....ને તેમાં નિવાસ કરો. આ શરીર તો ક્ષણભંગુર છે, તે આત્માનું નિવાસસ્થાન નથી. જ્ઞાન–આનંદરૂપ સ્વભાવ જ આત્માનું નિવાસસ્થાન છે. અરે, રાગ પણ આત્માનું ખરૂં નિવાસધામ નથી, અનંતગુણરૂપ વસ્તુ તે જ આત્માનું ખરૂં નિવાસધામ છે.

જે જીવ આત્માના અનુભવથી શૂન્ય છે, સ્વમાં જે સ્થિત નથી, તે જ બહારનાં ગામ

અને જંગલમાં પોતાનું સ્થાન માને છે. 'લોકસંસર્ગથી રાગદ્વેષ થાય છે માટે એકાંત જંગલમાં રહું તો શાંતિ થાય'–એવી માન્યતાવાળો પણ બહિરાત્મા છે. જેમ લોકો બાહ્ય છે તેમ જંગલ પણ બાહ્ય છે. લોકસંસર્ગનો પ્રેમ છોડીને જંગલનો પ્રેમ કર્યો તો તે પણ બાહ્યદ્રષ્ટિ જ છે. જ્ઞાની તો લોકસંસર્ગ છોડીને અંતરના ચૈતન્યતત્ત્વમાં નિવાસ કરે છે. મુનિઓ આનંદમાં ઝૂલતા ને આત્મામાં વસતા,–બાહ્ય જંગલમાં રહે છે, પણ બાહ્ય જંગલથી મને શાંતિ છે–એવી બુદ્ધિ નથી, જંગલ પણ પર છે, અમારો વાસ તો અમારા શુદ્ધસ્વરૂપમાં જ છે, અંતરસ્વરૂપમાં એકાગ્ર થયા ત્યાં જાણે સિદ્ધભગવાનની સાથે બેઠા! સમસ્ત પદાર્થોથી વિભક્ત એવો જે પોતાનો આત્મા તેમાં જ મુનિઓ વસે છે. જંગલમાંથી આહારાદિ માટે ગામમાં આવે, ને લોકોનાં ટોળાં નજરે પડે ત્યાં મુનિને કાંઈ સંદેહ નથી થઈ જતો કે હું સ્વરૂપમાંથી ખસીને લોકસંસર્ગમાં આવી ગયો. ચારેકોર ભક્તોનાં ટોળાં હોય છતાં મુનિ જાણે છે કે મારો આત્મા લોકસંસર્ગથી પર છે, મારા ચૈતન્યસ્વરૂપમાં જ મારો નિવાસ છે. બહારમાં ભક્તોનાં ટોળાં વચ્ચે બેઠા છે માટે તેને બાહ્યદ્રષ્ટિ છે–એમ નથી; તેમ જ બહારમાં લોકોનો સંગ છોડીને જંગલમાં જઈને ગૂફામાં રહે તેથી તેને બાહ્યદ્રષ્ટિ છૂટી ગઈ છે–એમ પણ નથી. જ્ઞાની જાણે છે કે મારો આત્મા સર્વલોકથી જુદો જ છે, જ્ઞાનાનંદસ્વરૂપ મારો આત્મા જ મારું નિવાસધામ છે,–આવી અંતરદ્રષ્ટિપૂર્વક જ્ઞાની તેમાં જ એકાગ્ર થાય છેઃ ને ચૈતન્યના આનંદમાં એકાગ્ર થતાં બાહ્ય સંસર્ગ પ્રત્યે રાગ–દ્વેષ થતા નથી તેથી તેમણે બાહ્ય સંસર્ગ છોડયો–એમ કહેવામાં આવે છે. ।। ૭૩ ।।



આપણે સોનગઢમાં રહેતા હોઈએ ને સોનગઢ ઉપરાંત બીજા કોઈ ગામના દિગંબર જૈનમંદિરમાં ભગવાનના દર્શન કરવા માટે પગે ચાલીને જવાની ભાવના આપણને થાય, તો સૌથી નજીકમાં નજીક કયા ગામમાં આપણને વીતરાગ ભગવાનનાં દર્શન થશે?



# એક હતા ઝવેરી

એક હતા ઝવેરી. એનું નામ 'રાજ' .
રાજનો સ્વભાવ રાજા જેવો ઉદાર.
ને ધર્મના પ્રેમનો તો પાર નહિ.
ધંધો કરતાં પણ ધર્મને ભૂલે નહિ.
એક વાર તે દુકાને બેઠા હતા.

ત્યાં એક માણસ આવ્યો.
આવ્યો ને સાથે કંઈક લાવ્યો.
આવીને તે ઝવેરીને આપ્યું,
ને કહ્યું–લ્યો આ પોથી !
રાજ–ઝવેરીએ તો પોથી લીધી ને ખોલી.

ખોલીને એક પાનું વાંચ્યું.
વાંચ્યું ને આનંદનો પાર ન રહ્યો.
અહો ! આ તો 'સમયપ્રાભૃત !'
અહો ! આ તો શુદ્ધાત્માનું શાસ્ત્ર !
અહો, આ તો કુંદકુંદસ્વામીની અનુભવવાણી !
અહો, આ તો તીર્થંકરદેવનો સન્દેશ !
વાહ, ધન્ય ભાગ્ય !

તરત માણસને કહ્યું કે થાળ ભરીને રૂપિયા લાવો.
રૂપિયા આવ્યા ને ખોબો ભર્યો.
ખોબો ભરીને રૂપિયા તે માણસને ભેટ આપ્યા.
અને કહ્યું–આ પાનામાં તો હીરા ભર્યા છે !
એની કિંમત લાખો રૂપિયાથી આંકી શકાય
તેમ નથી.

આ ઝવેરી રાજ એટલે શ્રીમદ્‌રાજચંદ્ર; એ ઝવેરીએ સમયસારના ઝવેરાતને પારખી લીધું.

# ઉપશમરસનીતરતું પ્રવચન

હે જીવ! તારા ઉપશમાદિ પરિણામ તારા સ્વદ્રવ્યના આશ્રયે જ થાય છે; એ પરિણામ તારા જ છે, કોઈ બીજાના નથી ને બીજાના આશ્રયે થતા નથી. તારું સમ્યગ્દર્શન તારા દ્રવ્યના આશ્રયે છે, કોઈ બીજાના આશ્રયે નથી, તારું કેવળજ્ઞાન તારા દ્રવ્યના આશ્રયે છે, કોઈ બીજાના આશ્રયે નથી. અને રાગદ્વેષાદિ પરિણામ પણ તારા પોતાથી કરેલા છે, કોઈ બીજાએ કરાવેલા નથી.

અહા, આવી સ્વાધીન વસ્તુ વ્યવસ્થા,–કોઈ વસ્તુનો બીજી વસ્તુમાં જરાપણ પ્રવેશ જ જ્યાં નથી, બહાર ને બહાર જ રહે છે, ત્યાં એક વસ્તુ બીજી વસ્તુને શું કરે?

દરેક વસ્તુમાં અનંત શક્તિઓ પ્રકાશમાન છે, પરંતુ વસ્તુની તે શક્તિઓ તે વસ્તુમાં જ રહે છે, અન્ય વસ્તુમાં જરા પણ જતી નથી. ચૈતન્યના સમ્યગ્દર્શનાદિ પરિણામ થાય તે ચૈતન્યમાં જ રહે છે, બહાર જતા નથી. એ જ રીતે રાગાદિ પરિણામ થાય તે પણ પોતાનામાં જ રહે છે; તે કાંઈ પરમાં જતા નથી કે પરનું કાંઈ સુધારે–બગાડે! પુદ્ગલકર્મવગેરેના પરિણામ પુદ્ગલમાં જ રહે છે, તે જીવમાં જરા પણ પ્રવેશતા નથી; એટલે તે જીવને શું કરે? કર્મો જીવની બહાર જ રહે છે, જીવના પરિણામમાં તે કાંઈ જ કરતાં નથી.

**જીવ નથી કર્મોમાં કાંઈ કરતો, કે કર્મ નથી જીવમાં કાંઈ કરતું.**

**કર્મો જીવમાં પ્રવેશતાં નથી, જીવના પરિણામ કર્મમાં પ્રવેશતા નથી.**

જીવના બધાય પરિણામ સદાય જીવના આશ્રયે જ થાય છે, કેમકે પરિણામ પોતાના પરિણામીના આશ્રયે જ થાય છે. અરે, પરિણામ બીજા પરિણામના આશ્રયે પણ નથી તો પછી પરના આશ્રયે થાય તે વાત તો ક્યાં રહી? માટે ભાઈ! દ્રષ્ટિ મુક તારા દ્રવ્ય ઉપર! તારા દ્રવ્ય ઉપર દ્રષ્ટિ મુકતાં તારો આત્મા પોતે જ નિર્મળ પરિણામરૂપે પરિણમી જશે.

વસ્તુ ક્ષણે ક્ષણે પરિણમ્યા તો કરે જ છે, પરિણામ વગર એક ક્ષણ પણ જતી નથી. સ્વદ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરીને પરિણમતો આત્મા સમ્યગ્દર્શનાદિ નિર્મળ પરિણામે પરિણમે છે. ને સ્વદ્રવ્યને ભૂલીને પર ઉપર દ્રષ્ટિ કરીને પરિણમતો આત્મા અજ્ઞાનભાવે પરિણમે છે. તે

સમ્યગ્દર્શનાદિ પરિણામનો કે અજ્ઞાન પરિણામનો તે જીવ પોતે જ કર્તા છે, બીજો કોઈ કર્તા નથી. આવી સ્પષ્ટ વસ્તુસ્થિતિ જગતમાં સર્વ દ્રવ્યોમાં પ્રકાશે છે. છતાં મોહી જીવો સ્વભાવથી ચલિત થઈને આકુળતા ને કલેશ પામે છે.

આચાર્યદેવ સમજાવે છે કે અરે મોહી જીવો! વ્યર્થ કલેશ કાં પામો! સ્વદ્રવ્ય ને પરદ્રવ્ય અત્યંત ભિન્ન ભિન્નપણે જ પ્રકાશી રહ્યાં છે, કોઈનો બીજામાં જરા પણ પ્રવેશ જ નથી;–તો પછી પરજ્ઞેયો સાથે તમારે પરમાર્થે કાંઈ જ સંબંધ નથી. માટે આવી વસ્તુસ્થિતિ સમજીને તમે તમારા સ્વજ્ઞેયમાં જ કેમ નથી રહેતા! અન્યવસ્તુઓ સદાય તમારાથી બહાર જ રહે છે તો તે તમારામાં શું કરી શકે? અને આ ચેતન અન્યવસ્તુથી બહાર જ રહે છે તો અન્યવસ્તુમાં આ ચેતન શું કરે?–આવી અત્યંત ભિન્નતા જાણીને જ્ઞાયક સ્વભાવરૂપ સ્વજ્ઞેયનો આશ્રય કરવો એ જ કર્તવ્ય છે.

સ્વ–પરની ભિન્નતા જાણીને હે જીવ! તું ધીરો થા, શાંત થા, ને તારા સ્વદ્રવ્યને સાધવામાં જ તત્પર થા. સ્વદ્રવ્યને સાધવામાં તત્પર જીવ પરથી અત્યંત ભિન્નતા જાણતો થકો, અનુકૂળતાના ગંજમાં ઓગળતો નથી ને પ્રતિકૂળતાના ગંજથી ઘેરાતો નથી. અનુકૂળતાના ગંજ હો કે પ્રતિકૂળતાના પહાડ હો, તેનાથી પોતાને સર્વથા ભિન્ન જાણતો થકો, શુદ્ધજ્ઞાનપણે જ પોતે પોતાને અનુભવે છે.

અહો, તારું સર્વસ્વ તારામાં
પરમાં તારું કાંઈ નહિ;
પરનું સર્વસ્વ પરમાં
તારામાં પરનું કાંઈ નહિ.

કેટલી શાંતિ! પોતે પોતામાં રહ્યો ત્યાં કલેશ કેવો? સ્વ–પરની અત્યંત ભિન્નતાના ભાનમાં મોહનો અભાવ છે, મોહ નથી ત્યાં કલેશ પણ નથી, પરમ નિરાકૂળતા ને શાંતિ છે.

(સમયસારઃ કલશ ૨૧૧–૨૧૨)

# સોનગઢનો પ્રૌઢ-શિક્ષણવર્ગ અને વિવિધ સમાચાર

[ આંખે દેખ્યો અહેવાલ ]

શ્રાવણ ભાદરવો એટલે જાણે ધર્મની ખાસ મોસમ; દર વર્ષે સોનગઢમાં શ્રાવણમાસ દરમિયાન પ્રૌઢ શિક્ષણવર્ગ ચાલે; આ શિક્ષણવર્ગમાં ભાગ લેવા માટે આ વખતે મુખ્ય–મુખ્ય શહેરોથી ત્રણસો ઉપરાંત જિજ્ઞાસુભાઈઓ આવ્યા હતા; તેમાંના ઘણા ખરા શાસ્ત્રના અભ્યાસી તેમજ પોતાના ગામના અગ્રગણ્ય જેવા હતા. શિક્ષણવર્ગ ખૂબ ઉત્સાહપૂર્વક ચાલ્યો. આ શિક્ષણવર્ગ દરમિયાન સોનગઢમાં ચારેકોર ધર્મમય અનેરું વાતાવરણ પ્રસરી જાય છે. વહેલી સવારે જુઓ કે બપોરે, સાંજે જુઓ કે મોડી રાત્રે, ઠેકઠેકાણે જિજ્ઞાસુઓની ટોળી ભેગી થઈને કંઈ ને કંઈ તત્ત્વચર્ચા કરતી જ હોય. સવારમાં ચાર વાગે ત્યાં તો પ્રવચનમંડપ તત્ત્વચર્ચાથી ગૂંજી ઊઠે.....કોઈ સામાયિક કરતા હોય, કોઈ સ્વાધ્યાય કરતા હોય, કોઈ ચર્ચા કરતા હોય. પાંચ વાગે ત્યાં સેંકડો જિજ્ઞાસુઓ જિનમંદિરમાં દર્શન કરતા હોય; સાડા પાંચના ટકોરે ગુરુદેવના દર્શન કરીને, સેંકડો જિજ્ઞાસુઓ ફરવા જાય ને સાથે સાથે એક કલાક વિવિધ ચર્ચામાં વીતે. ભિન્નભિન્ન ગામોના સાધર્મીઓના સ્નેહભર્યા મિલનના અનેરા દ્રશ્યો નજરે પડે.

બીજી તરફ છના ટકોરે જિનમંદિરમાં મંગલ અભિષેકના ઘંટનાદ ગાજતા હોય ને સેંકડો ભાઈ–બહેનો ઉમંગપૂર્વક જિનેન્દ્રપૂજનની તૈયારી કરતા હોય; ઉપરના ભાગમાં નેમપ્રભુસન્મુખ તાલબદ્ધ આલાપસહિત પૂજન ચાલતું હોય; તે પૂરું થાય ત્યાં તો નીચે સીમંધરનાથસન્મુખ સમૂહપૂજન શરૂ થાય. કોઈ સમવસરણમાં ને કોઈ માનસ્તંભ પાસે પૂજન કરે. બરાબર પોણા આઠ વાગે પૂજન પૂરું થાય ને તરત જ પ્રવચનમંડપમાં સભા ખીચોખીચ ભરાઈ ગઈ હોય.......આઠમાં આઠ મિનિટની વાર હોય ત્યાં શ્રી જિનવાણીની સમૂહસ્તુતિ શરૂ થાય, ને બરાબર આઠ વાગ્યાના ટકોરા પડતાં જ મંગલાચરણપૂર્વક ગુરુદેવનું પ્રવચન શરૂ થાય. બધાય શ્રોતાઓ એકતાન થઈને સૂણવા લાગે. ભૂતાર્થસ્વભાવ શું ને તેનો અનુભવ કેમ થાય? તેની ધારા એક કલાક સુધી અવિરતપણે ગુરુદેવ વરસાવે. હિંદીભાષીને એમ લાગે કે અમારી ભાષામાં બોલે છે ને ગુજરાતીઓને એમ લાગે કે

અમારી ભાષામાં બોલે છે–એવા પ્રકારની મિશ્રભાષામાં સૌ સમજી જાય. નવના ટકોરે પ્રવચન સમાપ્ત થાય, તરત દાનની થોડીક જાહેરાત થાય ને કોઈવાર ભજન બોલાય, કે જાતિસ્મરણવાળી રાજુલબેનનો પરિચય અપાય. ધીરેધીરે સભા વીખરાય. ને ફરીને જિનમંદિર દર્શકોથી ઊભરાય; પુસ્તકવિભાગ વગેરે ઓફિસો પણ આખો દિવસ ખૂબ પ્રવૃત્તિશીલ રહે. પા કલાકમાં સવાનવ વાગે શિક્ષણવર્ગો ચાલુ થાય; જુદી જુદી કક્ષાના ચાર વર્ગો એક સાથે સાથે ચાલે, દરેક વર્ગમાં સો ઉપરાંત પ્રૌઢભાઈઓ ઉત્સાહથી ભાગ લ્યે. સવાદશવાગે શિક્ષણવર્ગ પૂરો થાય; ને સાડાદશ વાગે ભોજનની પંક્તિ બેસે.

કોઈને એમ લાગે કે બપોરે તો સૌ જમી કરીને આરામમાં સૂતા હશે !–પણ નહિ; તમે બાર વાગે પ્રવચનમંડપમાં ચક્કર લગાવો તો કેટલાય ભાઈઓ ખૂણેખાંચરે એકાન્તમાં સામાયિક કરતા હોય, કેટલાય વાંચતા હોય, કેટલાય શિક્ષણવર્ગમાં ચાલેલા અભ્યાસની નોટબુકમાં નોંધ કરતા હોય, કોઈ પરસ્પર ચર્ચા કરતા હોય, કોઈ સામાન ઠીકઠાક કરતા હોય ને કોઈક આરામ કરતા હોય. બે વાગે ત્યાં ફરીથી સભામંડપ ભરાવા લાગે. સૌના હાથમાં શાસ્ત્રજી હોય; પ્રવચન પહેલાં અનેકવિધ કોલાહલથી પ્રવચનમંડપ ગૂંજતો હોય, પણ જ્યાં અઢીનો એક ટકોરો પડે ત્યાં એકદમ શાંતિ છવાઈ જાય, ને અઢીથી સાડાત્રણ વાગ્યા સુધી એક કલાક જિનવાણીની મેઘવર્ષા વરસે......ક્યારેક ક્યારેક સાથે સાથે આકાશમાંથી પણ મેઘવર્ષા થતી હોય.

ઘણાય જિજ્ઞાસુઓ પ્રવચન વખતે નોટબુકમાં નોંધ કર્યા કરતા હોય. સાડાત્રણ વાગે પ્રવચન પૂરું થતાં થોડીક દાનની જાહેરાત સાંભળીને ઝડપભેર સૌ જિનમંદિરમાં આવે, જિનમંદિર ભરચક ભરાઇ જાય, ઓસરીઓ પણ ઉભરાઇ જાય; ને સીમંધરનાથ ભગવાનની સન્મુખ ભક્તિની ધૂન જામે. પૂ. બેનશ્રીબેનજી અદ્‌ભુત ભક્તિરસ રેલાવે તેમાં સૌ એકતાન થઇ જાય. કોઇવાર ભજનસાગરજી ભૈયા વગેરે નવા નવા ભક્તો પણ ભજન બોલે ને સૌ એકતાન થઇને ડોલે...સાથે વાજા–તબલાં વગેરે વાજિંત્રોથી જિનમંદિર ગાજી ઊઠે. સવાચાર વાગે ભક્તિ પૂરી થાય. દસેક મિનિટમાં ટપાલ વગેરે જોવાનું કામ ઝડપથી ઊકેલીને ૪૦૦ વિદ્યાર્થીઓ પાછા શિક્ષણવર્ગમાં (જગ્યા પહેલેથી રીઝર્વ કરી રાખી હોય–ત્યાં) ભણવા બેસી જાય. એક સાથે જુદા જુદા ચાર શિક્ષણવર્ગ ચાલે; સાડાપાંચે વર્ગ છૂટે, ત્યાં તો સમિતિની ભોજનની ઘંટડી વાગે. છ વાગતાં તો જમી કરીને જિજ્ઞાસુઓના ટોળાં છૂટાછવાયા હરવાફરવા નીકળી પડે. ગુરુદેવ પાસે સ્વાધ્યાય મંદિરની ઓસરી પણ સેંકડો જિજ્ઞાસુઓથી ભરચક ભરાઇ જાય...ત્યાં અનેકવિધ અવનવી વાતો ચાલે...તેમાં અવારનવાર વિદેહક્ષેત્ર વગેરેની અનેરી વાતો પણ ગુરુદેવ થોડીથોડી સંભળાવે.

સાંજની આ સભામાં સૌ રાહ જોઈને બેઠા હોય કે હમણાં ગુરુદેવ વિદેહની કાંઈક મધુરી વાત કરશે! ને પછી એ વાત સાંભળતાં સૌ હર્ષિત થાય. એક કલાકમાં તો અનેક પ્રકારની વાત નીકળે. ગામેગામના જિજ્ઞાસુઓ પોતાના ગામની ચર્ચા કરે ને પોતાનો પ્રમોદ વ્યક્ત કરે.

સાત વાગે ને સભા ઊઠે.....ગુરુદેવ એક કલાક એકાન્તમાં બેસે; બીજી તરફ જિનમંદિર પ્રકાશથી ઝગમગી રહ્યું હોય ને આરતિ ઉતરતી હોય. ઘી વગરની નવી જાતની આરતી ઘણા જોઈ રહે. પછી કોઈ ભક્તિ કરે, કોઈ ચર્ચા કરે, કોઈ સામાયિક કરે, કોઈ ચિન્તન કરે. જિનમંદિરની અગાશીમાં કે ઓસરીમાં ને સ્વાધ્યાય મંદિરના ચોકમાં ઝાડ નીચે જ્યાં જ્યાં બેઠકો હોય ત્યાં સર્વત્ર મુમુક્ષુઓ બેઠેલા દેખાય. આઠ વાગે રાત્રિચર્ચા (પ્રશ્નોત્તરી)ની સભા ભરાય. આખું સ્વાધ્યાય મંદિર ભાઈઓથી ભરાઈ જાય.....ને દિવસભરમાં પ્રવચનમાં તથા શિક્ષણવર્ગમાં આવેલા સૂક્ષ્મ વિષયોનું પુનરાવર્તન થાય, અનેકવિધ પ્રશ્નોત્તર થાય; ને તેના અનુસંધાનમાં અનેકવાર જૂના–પુરાણા વિવિધ સંસ્મરણો ગુરુદેવ સંભળાવે. એક કલાક તો ઝડપભેર ચાલ્યો જાય....ને ચર્ચા પૂરી થાય....ચર્ચામાં શું આવ્યું તેની ચર્ચા કરતા કરતા સૌ વિખરાય. દિવસભરનો જાહેર કાર્યક્રમ પૂરો થાય, પરંતુ જિજ્ઞાસુઓ હજી જંપે નહિ ઠેરઠેર મંડળીઓ ભેગી થઈને ૧૧ વાગ્યા સુધી તત્ત્વચર્ચા કરતા હોય. કોઈ નોંધ કરતું હોય, કોઈ વાંચતું હોય. સવારના ચારથી શરૂ થયેલું જાગૃત વાતાવરણ ૧૧ વાગ્યા સુધી ચાલુ રહે.

શિક્ષણવર્ગ દરમિયાન વચ્ચે શ્રાવણ વદ પાંચમથી નોમ સુધી જયપુરના દોઢસો જેટલા મુમુક્ષુઓનું શિષ્ટમંડળ ગુરુદેવને પધારવાની વિનતિ કરવા માટે બે સ્પેશ્યલ બસદ્વારા સોનગઢ આવેલા, (સાથે મધ્યભારતના પ્રધાન શ્રી મિશ્રિલાલજી જૈન ગંગવાલ પણ આવ્યા હતા.) આ જયપુરસંઘ આવતાં વાતાવરણ ઔર ઉત્સાહભર્યું બની ગયું હતું. ને શેઠ શ્રી 'પૂરનચંદજી' ગોદીકા (–જેઓ પં. શ્રી ટોડરમલ્લજી હોલ' વગેરેનું જયપુરમાં આયોજન કરી રહ્યા છે–) તેઓએ જયપુરના મુમુક્ષુઓની વતી ગુરુદેવને તથા સંઘના સર્વે સાધર્મી ભાઈ–બહેનોને જયપુર પધારવાની ભાવભીની વિનંતિ કરી હતી. જયપુરમાં પં ટોડરમલ્લજી–સ્મારકભવનનું ઉદ્ઘાટન તથા ચૈત્યાલયમાં જિનબિંબવેદીપ્રતિષ્ઠાનું મુહૂર્ત ફાગણ સુદ બીજ (સં. ૨00૩) નું છે; અને હાલના કાર્યક્રમ પ્રમાણે પૂ. ગુરુદેવે ત્યાં માહ વદ દશમ ને રવિવારે પહોંચવાની સ્વીકૃતિ આપી છે.

જયપુરમાં દોઢસો જેટલા મુમુક્ષુઓ સોનગઢના વાતાવરણથી બહુજ પ્રસન્ન થયા હતા.....ને ચાર દિવસ સુધી તો સોનગઢનું વાતાવરણ એક મોટા યાત્રાધામ જેવું દેખાતું હતું. શ્રાવણ વદ સાતમે મુંબઈના ભાઈશ્રી માણેકચંદ કસ્તુરચંદ તલાટી (દાહોદવાળા) તથા તેમના ધર્મપત્નીએ સજોડે બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લીધી હતી. તથા રાત્રે લવ–કુશવૈરાગ્યનો

સંવાદ જૈનવિદ્યાર્થીગૃહે કર્યો હતો. શ્રાવણ વદ નોમે શ્રી જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા નીકળી હતી, જે ઘણી આનંદકારી હતી.

શ્રાવણવદ નોમ–એ શિક્ષણવર્ગનો અંતિમ દિવસ હતો.....બસ આજે કલાસ પૂરો થશે ને ભેગા થયેલા ગામેગામના ૩૦૦ ઉપરાંત સાધર્મીઓ પાછા વિખુટા પડશે. એક તરફથી જવાની તૈયારી, ને બીજી તરફ શિક્ષણવર્ગમાં આવ્યાનો સન્તોષ સૌના મુખ પર દેખાતો હતો; શિક્ષણવર્ગ દરમિયાન ગુરુદેવની છાયામાં વીસ દિવસ સુધી જે એકધારો ભરચક લાભ લીધો તે માટેની ઉપકારની લાગણી સૌ વ્યક્ત કરતા હતા. સવારે કેટલાય ભાઈઓએ ગદગદભાવે લાગણીઓ વ્યક્ત કરી, ને બપોરે સામુહિક સ્તુતિ સહિત ગુરુદેવનો આભાર માનીને શિક્ષણવર્ગ સમાપ્ત થયો.

આવેલા ભાઈઓને વિદાય આપવા સોનગઢના બધા ઘોડાગાડીવાળા આજે બહુજ પ્રવૃત્તિશીલ હતા.....સ્ટેશન પણ આજે ચીક્કાર હતું.....શિક્ષણવર્ગ પૂરો થયો ને દશલક્ષણીપર્વ નજીક આવ્યા...તેનું ઉમંગભર્યું સ્વાગત કરીને આત્માને આરાધનામાં જોડવા સૌ તત્પર બન્યા....

जय जिनेन्द्र

# વિશેષ સમાચાર

શ્રાવણ વદ નોમે પ્રૌઢ શિક્ષણવર્ગ પૂરો થયો તે પ્રસંગે ગામેગામના જિજ્ઞાસુ ભાઈઓએ પોતાનો ઘણો હર્ષ અને ગુરુદેવ પ્રત્યેનો ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. ઈંદોરનાં શ્રી બંસીધરજી પંડીત ( જેઓ અત્યારના બધા દિગંબર જૈનપંડિતોમાં અગ્રગણ્ય છે ) તેઓ છેલ્લા ત્રણેક માસથી સોનગઢ રહીને દરેક કાર્યક્રમોમાં ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે, તેમણે પણ શિક્ષણવર્ગની પૂર્ણતા પ્રસંગે ગદ્ગદભાવથી પૂ. કાનજીસ્વામીનો મહિમા પ્રસિદ્ધ કરીને પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી.

આવતી સાલ માગસર સુદ અગીઆરસે પાલેજનગરીના જિનમંદિરને પ્રથમ દસકો પૂરો થાય છે; આ પ્રસંગે પૂ. ગુરુદેવને પાલેજ પધારવાની વિનતી કરવા પાલેજના ભાઈઓ આવ્યા હતા. ને હાલના કાર્યક્રમઅનુસાર અમદાવાદ–વડોદરા તથા મીયાંગામ થઈને, પાલેજનો ( માગસર સુદ ૪ થી ૧૧ ) આઠ દિવસનો કાર્યક્રમ વિચારવામાં આવ્યો છે. બીજા પણ અનેક ગામો તરફથી વિનતિ આવેલ છે. કાર્યક્રમ નક્કી થશે તે અનુસાર યોગ્ય સમયે આત્મધર્મમાં પ્રસિદ્ધ થશે.

# વિવિધ વચનામૃત

## 卐 “શ્રાવણ વદ બીજ” ના પ્રવચનમાંથી પ્રસાદી ” 卐

(૨૮૧) આત્માનું સમ્યગ્દર્શન કેમ થાય તેની આ વાત છે. સમ્યગ્દર્શન માટે જૈનશાસનનો મૂળસિદ્ધાંત આચાર્યદેવે આ ૧૧મી ગાથામાં સમજાવ્યો છે. શુદ્ધનયવડે ભૂતાર્થસ્વભાવનો આશ્રય કરનાર સમ્યગ્દ્રષ્ટિ છે.

(૨૮૨) વિકાર અને આત્માને શુદ્ધનયવડે ભિન્ન કરીને શુદ્ધ ભૂતાર્થ આત્માને જે અવલોકે છે તે સમ્યક્સ્વરૂપને દેખે છે એટલે તે સમ્યગ્દ્રષ્ટિ છે.

(૨૮૩) શુદ્ધ પરમસ્વભાવરૂપ જે અંતતત્ત્વ છે તે જ સમ્યગ્દ્રષ્ટિને ઉપાદેય છે; ને તેના આશ્રયે રત્નત્રયરૂપ ધર્મની લબ્ધિ થાય છે.

(૨૮૪) સ્વસમયની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થઈ જાય છે. સ્વ–પરની ભિન્નતા સમજીને, પોતાના સ્વદ્રવ્યની સન્મુખ જ્ઞાનપરિણમન થયું તેનું નામ ‘સ્વસમય’ છે. સ્વના આશ્રયે જેટલું સમ્યક્–શુદ્ધ પરિણમન થયું તેટલું સ્વસમયપણું છે. જેટલો રાગાદિ વિકાર છે તેટલો પરસમય છે.

સ્વસમયપણા વગર ધર્મની શરૂઆત થાય નહિ. ચોથા વગેરે ગુણસ્થાને સ્વસમયપણું નથી એમ કોઈ કહે તો તેનો અર્થ ત્યાં ધર્મ જ નથી–સાધકપણું જ નથી, એવો થયો. પણ એ વાત સાચી નથી. ચોથા ગુણસ્થાને સ્વસમયપણું છે તેને જે નથી ઓળખતો તેને ધર્મના સ્વરૂપની ખબર નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો અંશ ચોથા ગુણસ્થાને પ્રગટયો છે તેટલું સ્વસમયપણું છે.

(૨૮૬) ચોથા ગુણસ્થાને સ્વસન્મુખદ્રષ્ટિવડે સ્વસમયપણું થતાં આનંદની ઉપલબ્ધિ થઈ છે. સિદ્ધપ્રભુ જેવા આનંદનો અનુભવ ચોથા ગુણસ્થાનમાં ઘરમાં રહેલા સમ્યગ્દ્રષ્ટિને પણ વર્તે છે. અંતરમાં આનંદથી ભરેલો ભૂતાર્થસ્વભાવ તેના અવલંબને તે આનંદ પ્રગટયો છે. આવા સ્વભાવની દ્રષ્ટિ કરવી તે અપૂર્વ છે.

(૨૮૭) બીજના જન્મ–દિવસનો ઉલ્લેખ કરીને ગુરુદેવે કહ્યું કે અરે! આજે તો એમ થયું કે અહીં સીમંધરપરમાત્માના વિરહ પડયા. વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ સીમંધર–

પરમાત્મા પાસે હતા, પણ આ ભરતક્ષેત્રમાં અવતાર થતાં તેમના વિરહ પડી ગયા.–

**‘રે, રે, સીમંધરનાથના વિરહા પડયા આ ભરતમાં’**

(૨૮૮) અહીં કહે છે કે ભૂતાર્થસ્વભાવને દ્રષ્ટિમાં લઈને જ્યાં આત્મા પરિણમ્યો ત્યાં અંતર્દ્રષ્ટિમાં એને ભગવાનના ભેટા થયા; અંતરના ચૈતન્યસરોવરમાં તે હંસ આનંદરૂપી મોતીના ચારા ચરવા લાગ્યો. રાજહંસ સાધારણ ચારો ન ચરે, એ તો સાચા મોતીના ચારે ચરે; તેમ સમકિતી હંસ વિકારના ચારા ન ચરે, એ તો શુદ્ધનયવડે, રાગને ભિન્ન કરીને અતીન્દ્રિય આનંદરૂપી સાચા મોતીના ચારા ચરે છે.

(૨૮૯) ચૈતન્યશક્તિમાં રહેલો ગુપ્ત ચમત્કાર જ્ઞાનીએ અંતરના સ્વાનુભવવડે પ્રગટ કર્યો છે. જગતને ચૈતન્યના ચમત્કારની ખબર નથી, ચૈતન્યની મહત્તા તેણે જાણી નથી. ચૈતન્યની મહત્તા રાગથી પાર છે. ચૈતન્યશક્તિના ભંડારમાંથી જ્ઞાન–આનંદના નિધાન ખોલ્યા જ કરો, પણ તે ભંડાર કદી ખૂટે તેમ નથી. શુદ્ધનયવડે જ્ઞાની પોતામાં આવા ભંડારને દેખે છે.

(૨૯૦) જ્ઞાનીના આત્મામાં અમૃત વરસ્યા છે. સમયસારમાં આત્માનો શુદ્ધસ્વભાવ બતાવીને આચાર્ય ભગવાને આ પંચમકાળમાં અમૃત રેડયા છે. અહો, આવો શુદ્ધસ્વભાવ–જેમાં રાગનો અંશ નહિ, જેમાં ભેદનો વિકલ્પ નહિ, આવા એક ભૂતાર્થ શુદ્ધ આત્માને અંતરદ્રષ્ટિવડે ધર્મીએ અનુભવમાં લીધો છે; ને એનું જીવન સફળ છે. એને માટે શ્રી ગુરુ કહે છે કે ‘અમૃત વરસ્યા છે તારા આત્મમાં.’

## જૈનબદ્રી-શ્રવણબેલગોલમાં ગોમટેશ્વર બાહુબલી ભગવાનનો મહા મસ્તકાભિષેક

દક્ષિણદેશમાં આવેલ વિશ્વપ્રસિદ્ધ ૫૭ ફૂટ ઊંચી ભગવાન બાહુબલીસ્વામીની અત્યંત ધીર ગંભીર પ્રતિભાસમ્પન્ન ધ્યાનસ્થમૂર્તિ જે વિશ્વને આત્મિક સાધનાનો સન્દેશ આપી રહી છે, તે પ્રતિમાનો મહામસ્તકાભિષેક લગભગ દર ૧૨ વર્ષે થાય છે; આ સાલ તે મહાઅભિષેક થવાનો હતો પણ પરિસ્થિતિવશ તે મુલતવી રહ્યો; હવે આવતીસાલ તા. ૧-૧-૧૯૬૭ ના રોજ મહામસ્તકાભિષેક થવાનો છે. એ મહામસ્તકાભિષેક કરવા માટેની પૂર્વે તૈયારીઓ ચાલી રહી છે. આ પ્રસંગે લાખ જેટલા જૈનો તેમજ જૈનતરો ત્યાં એકઠા થાય છે ને મહાન અભિષેક નીહાળીને પાવન થાય છે. આ અભિષેક ઉત્સવ માટેની સ્તંભપ્રતિષ્ઠા તા. ૨૫-૮-૬૬ના રોજ હતી; નાંદીમંગલ તા. ૧૮-૧૨-૬૬ ના રોજ છે; પંચકલ્યાણકવિધાન વગેરે કાર્યક્રમ પણ હવે પ્રકાશીત થશે. પૂ. કાનજીસ્વામીએ આ બાહુબલી ભગવાનની યાત્રા સંઘસહિત બે વખત કરી છે.

# આત્મભાવનારૂપ ભજન

આ ભજનની સામૂહિક ધૂન બાળકોને આનંદ પમાડશે ને ઉત્તમ સંસ્કારોનું સીંચન કરશે. સોનગઢની સભામાં આ ધૂન બાળકોએ ગાઈ હતી ત્યારે બાળકોનો ઉત્સાહ જોઈને સૌને પ્રસન્નતા થઈ હતી. બાલવિભાગના બાળકો માટે તે ધૂન અહીં આપી છે.......સૌ હોંસથી ગાજો.

ગુણનો ભંડાર છું; આનંદનો સાગર છું,
સહજાનંદ સ્વરૂપ છું; ચૈતન્યનો પિંડ છું.
પ્રકાશનો પૂંજ છું; વિજ્ઞાનનો ઘન છું.
ચિદાનંદ સ્વરૂપ છું; નિત્યાનંદરૂપ છું.

પરમાત્મ પ્રકાશ છું; શક્તિનો ખજાનો છું.
વીતરાગ સ્વરૂપ છું; શુદ્ધસ્વરૂપી આત્મા છું.
ચિદાનંદ ભગવાન છું; અખંડ અવિચળ મૂર્તિ છું.
પરથી નીરાળો છું; રાગ–દ્વેષ વિનાનો છું.

અનંત–નાથ ભગવાન છું; ચૈતન્યનો વિલાસ છું.
સિદ્ધનો નાતીલો છું; શાન્તસ્વરૂપી જીવ છું.
પ્રકાશનો પ્રકાશક છું; અનાદિ પુરાણપુરુષ છું.
જ્ઞાન–દર્શનમય છું; અજર અમરસ્વરૂપ છું.

કોઈનો કર્તા–હર્તા નથી; મારો કોઈ કર્તા નથી.
શુદ્ધ સદા અરૂપી છું; અનાદિ ચૈતન્ય મૂર્તિ છું.
અનંતગુણનો દરિયો છું; સુખથી હું ભરિયો છું.
વિશ્વનો હું જ્ઞાયક છું; પરથી ઉદાસ છું.

પંચ પરમેષ્ઠીનો ભક્ત છું; જિનેશ્વરનો નંદ છું.
સિદ્ધપદનો સાધક છું; અર્હંતનો ઉપાસક છું.
રત્નત્રયનો ખજાનો છું; ગુરુચરણનો દાસ છું.
જીવત્વથી જીવું છું; સ્વાનુભવ–પ્રકાશી છું.

卐

# વાંચકો સાથે વાતચીત

## [ સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ ]

પ્ર૦ :– સ્વાનુભવથી શુદ્ધાત્મા ક્યારે દેખાય ? ( No. 11 અમદાવાદ )

ઉ૦ :– જીવ જ્યારે સ્વમાં ઉપયોગ જોડે ત્યારે તેને સ્વાનુભવ થાય ને તે સ્વાનુભવમાં શુદ્ધાત્મા દેખાય. અહીં ‘દેખાય’ એટલે જેમ આંખથી દેખાય તેમ નહિ પણ જ્ઞાનમાં જણાય અને અનુભવમાં વેદનમાં આવે. અનંત ગુણના આનંદથી ભરેલા એ આત્મવેદનનું વર્ણન શબ્દોમાં કે વિકલ્પમાં ન આવી શકે. આત્મામાં ઉપયોગ જોડવા માટે તેની સર્વોત્કૃષ્ટ પ્રીતિ અને તેમાં એકત્વબુદ્ધિ થવી જોઈએ.

પ્ર૦ :– ઈન્દ્રના સુખ કરતાં ભગવાનનું સુખ કેટલાગણું વધારે ? ( No. 164 મુંબઈ )

ઉ૦ :– ઈન્દ્રને પુણ્યોદય વડે સ્વર્ગના વૈભવનું જે સુખ છે તે સુખની સરખામણી ભગવાનના અતીન્દ્રિય સુખની–સાથે થઈ શકે નહિ, કેમકે બંનેની જાત જ જુદી છે. વૈભવનું સુખ તે ખરેખર સુખ જ નથી, એટલે શૂન્ય સાથે જેમ સંખ્યાની સરખામણી ન થઈ શકે તેમ ઈન્દ્રિસુખ ( અર્થાત્ સાચા સુખની શૂન્યતા ) વડે અતીન્દ્રિય મહાન સુખનું માપ કાઢી શકાય નહિ. અતીન્દ્રિય સુખનું માપ અતીન્દ્રિયસુખ વડે જ કાઢી શકાય. હવે, ઈન્દ્ર સમ્યગ્દૃષ્ટિ હોય છે, ને તે ઈન્દ્રને સમ્યગ્દર્શનના પ્રતાપે જે આત્મસુખ હોય છે તે અતીન્દ્રિય છે, ને તેના કરતાં ભગવાનનું આત્મસુખ અનંતગણું છે.

પ્ર૦ :– ભારતમાં ક્યાં રાજ્યોમાં વધારે તીર્થધામો છે ? ( No. 1111 જંત્રાલ )

ઉ૦ :– આપના પ્રશ્ને મને જરાક વિચારમાં મુકી દીધો. ભારતના બધા તીર્થોનો, અને તે ક્યા પ્રાંતમાં આવેલ છે તેનો સંપૂર્ણ ખ્યાલ આવ્યા વગર આ પ્રશ્નનો જવાબ આપી શકાય નહિ. છતાં તીર્થંકર ભગવંતો સાથે સંબંધ ધરાવતા તીર્થો વિશેષપણે બિહાર પ્રાન્તમાં છે. કેમકે તીર્થંકરોનો વિહાર એ પ્રદેશમાં ખૂબ થયો હોવાથી તે પ્રદેશનું નામ વિહાર પડયું છે. બાકી મધ્યપ્રાન્તમાં પણ ઘણા તીર્થો છે. દક્ષિણદેશમાં તીર્થો ઓછા છે પરંતુ ત્યાં જૈનધર્મનો વિપુલ વૈભવ ઠેરઠેર ભર્યો છે. ઉત્તર–

પ્રદેશમાં અયોધ્યા, કાશી, મથુરા વગેરે મહત્વના તીર્થો છે. સૌરાષ્ટ્ર–ગુજરાતમાં, તેમજ મહારાષ્ટ્રમાં પણ અનેક તીર્થો છે. આપણો આખોય ભારતદેશ જ તીર્થસમાન છે.

**પ્ર૦ :– વિદેહક્ષેત્રમાંથી જીવો મોક્ષ જાય છે ને ભરત ક્ષેત્રમાંથી કેમ નથી જતા? ( No. 117 દિલ્હી )**

**ઉ૦ :– ભાઈ, ભરતક્ષેત્રમાંથી પણ ઘણાય જીવો મોક્ષે ગયા છે. અત્યારે પણ વિદેહક્ષેત્રના મુનિવરો ભરતક્ષેત્રમાંથી મોક્ષ પામી શકે છે. એટલું ખરૂં કે પંચમ કાળ બેઠા પછી આ ભરતક્ષેત્રમાં ચરમશરીરી જીવો અવતરતા નથી; છતાં પણ ભરતક્ષેત્રના જે જીવો ધર્મની આરાધના કરે છે તેઓ ધીમે ધીમે મોક્ષ તરફ જઈ જ રહ્યા છે.**

* એક જિજ્ઞાસુ ભાઈ લખે છે કે–ગામેગામ બાળકો જાગ્યા છે, ને હવે ગામે ગામમાં જૈન પાઠશાળાની ખાસ જરૂર છે જેથી બાળકો જૈનધર્મનું શિક્ષણ મેળવે. ગામેગામ જિનમંદિરની સાથે જૈન–પાઠશાળા પણ ચાલુ કરવાની અત્યંત જરૂર છે. જેથી બાળકોને મૂળથી જ ધર્મના સંસ્કાર પડે. આ વાત ઉપર દરેક ગામના આગેવાનોએ લક્ષ આપવું જરૂરી છે. **બાળકો તમારા ગામમાં પાઠશાળા ન હોય તો તમે જ સૌ ભેગા થઈને વડીલોને વારંવાર તેની પ્રેરણા કરજો, ને વિનંતિ કરજો કે અમને ધાર્મિક શિક્ષણ મળે તેવો બંદોબસ્ત કરી આપોજી!**

* **સોલાપુર** શ્રાવિકાશ્રમના અધ્યક્ષા બ્ર. સુમતિબહેન જૈન લખે છે કે–"आपका आत्मधर्मका बालविभागका स्वाध्याय अच्छी तरहसे शुरु है। किताब बहुत ही उपयुक्त और मार्गदर्शक है। इस किताबमें प्राचीन महापुरुषोंके चरित्र आना जरुरी है। स्वाध्यायके लिये श्राविकामंडलकी तरफसे हररोज ४०–५० महिलायें आती है। द्रव्यसंग्रह, तत्त्वार्थसूत्र और छहढालाका भी स्वाध्याय अच्छी तरह शुरु है। श्री पूज्य कानजीस्वामीको सविनय प्रणाम।।"

( **બિપીન** જૈન હિંમતનગર ) જિનેન્દ્રભગવાનના દર્શનની પ્રતિજ્ઞા સંબંધી આપના પ્રશ્નના ઉત્તર માટે "દર્શનકથા" પાનું ૮૧–વાંચશો. વીતરાગના સાધકને તો વીતરાગદેવ જ વંદનીય હોય. બહારમાં વીતરાગદેવના દર્શનનો યોગ ન મળે તો ત્યાં અંદરમાં ભાવથી તેમનું સ્મરણ કરીને વન્દના કરે, પણ વીતરાગદેવ સિવાય બીજાને તે વન્દન કરે નહિ.

* શિક્ષણવર્ગમાં આવેલા એક જિજ્ઞાસુ ભાઈ જેઓ મુંબઈ પ્રતિષ્ઠામહોત્સવમાં ઇન્દ્ર થયા હતા, તેમણે ગુરુદેવ પ્રત્યે પ્રમોદ વ્યક્ત કરતાં કરતાં હાર્દિક ઉદ્ગારથી કહ્યું કે "આત્મધર્મ તો અમારો જીવ છે" એના દ્વારા મુંબઈમાં બેઠાબેઠા અમે ગુરુદેવની વાણીનો લાભ લઈએ છીએ.

* રાજકોટથી શોભનાબેન મોદી ( નં. ૨૫૩ ) લખે છે–"જન્મ દિવસનું કાર્ડ મળ્યું તેથી ખુશી થઈ; સોનગઢ આવીને ગુરુદેવના દર્શન કરવાનું મન છે. અહીં રોજ ઘીયાના મંદિરે દર્શન કરવા જઉં છું. પણ અહીં પાઠશાળા ચાલતી ન હોવાથી ધર્મનો ખાસ અભ્યાસ થઈ શકતો નથી. જૈનબાળપોથીનો અભ્યાસ ક્યારેક કરું છું"

બહેન, હવે આપણા જૈન સમાજના બાળકો જાગ્યા છે ને ધર્મનો અભ્યાસ કરવામાં રસ લઈ રહ્યો છે, એટલે થોડા વખતમાં દરેક ઠેકાણે જરૂર પાઠશાળાઓ ચાલુ થઈ જશે. તમારા ગામમાં પણ વેલીવેલી પાઠશાળા શરૂ થાય ને તમે સૌ હોંસથી ધાર્મિક અભ્યાસ કરો એમ ભાવના ભાવીએ.

પ્ર :– એમ સાંભળ્યું છે કે પાપ થઈ જાય તે જીવ નરકમાં જાય–તો તે વાત સાચી છે! ( નં. ૧૪૫૫ જેતપુર )

ઉ :– ભાઈ, જીવનમાં ક્યારેક પાપ થઈ જાય તેથી તે જીવ નરકમાં જ જાય એવો નિયમ નથી. પરંતુ જીવનમાં જો પાપભાવની તીવ્રતા થઈ જાય, ને તેનાથી પાછો ન વળે તો તે જીવ નરકમાં જાય. બાકી તો પહેલાં જેણે પાપ કર્યું હોય છતાં પાછળથી ધર્મની આરાધના વડે પાપને નષ્ટ કરીને મોક્ષ પામી ગયા હોય એવાય ઘણા જીવો છે. જેનું ચિત્ત ધર્મની આરાધનામાં જોડાય એને એવાં પાપભાવ હોય જ નહિ કે નરકમાં જવું પડે. ધર્મીનેય કોઈવાર ભૂમિકા અનુસાર પાપના પરિણામો થતા હોય છે પરંતુ તેવા વખતે તેમને આયુષ બંધાતું નથી. શુભ પરિણામની ભૂમિકામાં જ તેને આયુ બંધાય છે, એટલે ધર્મીની ગતિ બગડતી નથી. ( કોઈને પૂર્વે અજ્ઞાનદશામાં નરક આયુ બંધાઈ ગયું હોય તો તેના પણ સ્થિતિ અને રસ એકદમ ઓછા થઈ જાય છે. ) ભાઈ! સદાય ધર્મની આરાધનામાં તત્પર રહેનારને આ જગતમાં કોઈ ડર નથી.

## સભ્ય નં. 246 ના ચાર પ્રશ્નો

પ્ર. ( ૧ ) :– નવ તત્ત્વોને અભૂતાર્થ કહ્યા તેમાં જીવતત્ત્વ પણ આવી ગયું; એટલે જીવતત્ત્વને પણ અભૂતાર્થ કહ્યું એ કઈ રીતે?

ઉ :– તે જીવતત્ત્વ ભેદરૂપ અથવા અશુદ્ધતારૂપ લેવું, નવતત્ત્વસંબંધી જે વિકલ્પો છે તેના વડે શુદ્ધજીવતત્ત્વ વેદનમાં આવતું નથી. જીવ સંબંધી વિકલ્પ છૂટીને જ્યારે પરિણતિ સાક્ષાત્ અંતરમાં એકાકાર થાય છે ત્યારે તે પરિણતિમાં શુદ્ધજીવ ભૂતાર્થપણે પ્રકાશમાન થાય છે.

પ્ર. ( ૨ ) :– ભેદજ્ઞાન થયું ન હોય પણ તેનો પ્રયત્ન કરતા હોય તો તેનાં પરિણામ કેવા હોય? તેની રહેણી–કરણી કેવી હોય?

ઉત્તર :– અંતરમાં નિજસ્વભાવનો મહિમા કરીને વારંવાર પરિણામ તે તરફ ઝૂકતા હોય, જગત તરફનો રસ ઘણો મોળો પડી ગયો હોય, ધર્માત્માનો સંગ એને અતિશય પ્રિય લાગે ને આત્મસ્વરૂપની પ્રાપ્તિની વાત સાંભળતાં તેનું હૃદય ઝણઝણી ઊઠે. સ્વકાર્ય સાધવા માટે તે ઉલ્લસિત હોય. એની રહેણી–કરણી આત્મસાધનની પોષાક હોય; પોતાની સાધનામાં બાધા થાય એવું કાંઈ તે ન કરે.

પ્ર. ( ૩ ) :– ભેદજ્ઞાન માટેનો સીધો ને સરલ ઉપાય શું?

ઉ :– ભેદજ્ઞાની સંતની સમીપમાં રહીને તેઓ કહે તેમ કરવું તે;

પ્ર. ( ૪ ) સમ્યગ્દર્શન થયા પહેલાં કોઈ મનુષ્યે મનુષ્યઆયુ બાંધી લીધું હોય ને પછી સમ્યગ્દર્શન પામે, તો તે જીવ મનુષ્યમાંથી

મરીને સીધો મનુષ્યમાં ઊપજે ?

ઉ :– હા; પરંતુ ભોગભૂમિના (અસંખ્ય વર્ષના આયુવાળા) મુનષ્યોમાં જ ઊપજે, કર્મભૂમિમાં ન ઉપજે. (જે મનુષ્ય મરીને પાછો કર્મભૂમિના મનુષ્યમાં ઉપજે તે મિથ્યાદ્રષ્ટિ જ હોય.)

પ્ર :– બધા પોતાના ધર્મને જ સાચો કેમમાને છે! સભ્ય (નં. ૭૯)

ઉ :– જેઓ સત્ય ધર્મમાં રહીને પોતાના ધર્મને જ સાચો માને છે તેમણે તો સત્યધર્મનું સ્વરૂપ જાણ્યું છે તેથી તેમાં તે નિઃશંક છે.

અને જેઓનો માનેલો ધર્મ સત્ય ન હોવા છતાં તેને સાચો માને છે–તેનું કારણ એ કે તેમને સાચા ધર્મના સ્વરૂપની ખબર નથી.

સાચા ધર્મને સાચો જાણવો, ને ખોટા ધર્મને ખોટો ઓળખાવો–એમાં કોઈ દોષ નથી.

પ્રશ્ન :– આત્માના જિજ્ઞાસુ મોક્ષાર્થીને કાંઈ કાર્ય કરવાનું રહે છે ?

ઉત્તર :– હા, તેણે આત્માને સાધવાનું ખરું મહાન કાર્ય કરવાનું છે. અત્યાર સુધીનો કાળ તો બાહ્યકાર્યની ચિન્તામાં વ્યર્થ ખોયો, હવે આત્માને સાધવાનું ખરૂં કાર્ય, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મહાન કાર્ય જિજ્ઞાસુ મુમુક્ષુએ કરવાનું છે...એ જ એનું ખરું કાર્ય છે, એ જ સત્‌કાર્ય છે. (કામ એક આત્માર્થનું.... બીજો નહિ મન રોગ.)

પ્રશ્ન :– જીવ પોતાના સ્વરૂપનો વિચાર કરવા જાય છે ત્યારે આત્મસ્વરૂપના વિચારને બદલે મનમાં બીજા વિચાર કેમ ઉત્પન્ન થાય છે ?

ઉત્તર :– ઉપયોગ સ્થિર થઈને આત્મસ્વરૂપમાં રહે તો બીજા વિચાર ન આવે. આત્મસ્વરૂપની ઉગ્ર રુચિ અને તીવ્ર ચિન્તનના બળે પહેલીવાર ઉપયોગ જ્યારે સ્વમાં ઝુકે છે ત્યારે ત્યાં બીજા વિચારો હોતા નથી.....ત્યાં આનંદના અનુભવ સહીત આત્માનું સ્વસંવેદન થાય છે એટલે સમ્યગ્દર્શન પ્રગટે છે. સમ્યગ્દર્શન પછી પણ જેટલા પ્રકારે રાગ–દ્વેષરૂપ અસ્થિરતા હોય તેટલા પ્રકારે બીજા વિચારો સંભવે છે. તત્ત્વ–શ્રદ્ધા સાચી હોય, આત્માનું જ્ઞાન હોય છતાં તેમાં ઉપયોગને એકાગ્ર કરવા માટે ધ્યાનનો વિશિષ્ટ પ્રયત્ન હોય છે. ત્યાર પહેલાં જિજ્ઞાસુને નિજસ્વરૂપના વિચારમાં–ચિન્તનમાં મન ન લાગે ને બીજા વિચારોમાં જ રસ રહ્યા કરે તો તે પોતાની જિજ્ઞાસુતાની ખામી છે–એમ જાણીને બીજો બાહ્યનો રસ છોડીને આત્માના તીવ્ર રસપૂર્વક તેમાં ચિત્તને જોડવું જોઈએ. જેનો તીવ્ર રસ હોય તેમાં ચિત્ત જરૂર જોડાય.

* મુંબઈથી જયેશ જૈન જન્મદિવસે લખે છે કે“બાલવિભાગના સભ્ય બન્યા પછી સમજવાનો રસ જાગ્યો છે. મારી બા મને રોજ રાત્રે ધાર્મિક વાતો અને સિદ્ધાન્તો સમજાવે છે. સદ્‌ગુરુદેવના ચરણોમાં રહીને આત્માને સમજવા માટે અખંડ જાગૃતી રાખી શુદ્ધ આત્માને સમજું એવી ભાવના છે.”

* રાયપુરથી નં. ૧૩૧૭ બકુલેશ જૈન લખે છે–“જન્મદિવસના ઉપલક્ષમાં અભિનંદનકાર્ડ તથા ફોટો મળ્યા. અત્યાર સુધીમાં આ પહેલો જ જન્મદિવસ છે કે જે ધર્મની શરૂઆત કરીને આવ્યો છે. સાચે જ ધર્મ એક મહાન શક્તિ છે. આત્મા એકલો જ છે, એકલો જ રહેશે ને એકલો જ મોક્ષમાં જશે. આવી ભાવનાપૂર્વક એકત્વની કવિતા સ્ફૂરી તે પણ બકુલભાઈએ લખી છે, જે અહીં આપી છે :–

એકલો જા....એકલો જા.....એકલો જા....ને રે....
પર તત્ત્વ નથી સંગ તારી, એકલો જા....ને રે....
શુદ્ધ તત્ત્વભાવ પામીને તું જ્ઞાની બની જા....ને રે....
જ્ઞાન ચારિત્રને અપનાવીને તું એકલો જા....ને રે....
નિજ સ્વરૂપનો આશ્રય કરીને મોક્ષમાર્ગે ચાલ્યો જા....ને રે....
કહાન જેવા ગુરુ બતાવવા આવ્યા તને મોક્ષમાર્ગ જ્યારે....
રાગ વિકલ્પ કે વિચાર શાનો, પેલે પાર જતો રહે...ને....
એકલો જા...અંતરમાં મોક્ષમાર્ગે ચાલ્યો જાને...રે....

* વીંછીયાથી લાભુબેન (નં ૭૧૯) લખે છે કે જન્મદિવસે પૂ. ગુરુદેવને ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અભિનંદગ્રંથ અર્પણ કરી રહ્યા છે તે ફોટો મળતાં આનંદ થયો ને ત્યારથી અભિનંદનગ્રંથ વાંચવાનું શરૂ કર્યું; તથા રક્ષાબંધનના રૂા. પાંચ આવેલા તે જન્મદિવસની ખુશાલીમાં બાલવિભાગને ભેટ મોકલું છું.

પ્રશ્ન :– જીવમાં અનંત ગુણો છે, તેમાંથી કયાક્યા ગુણોની પર્યાય અશુદ્ધ થઈ છે કે જેને કારણે જીવ સંસારભ્રમણ કરે છે? ને હવે તે ગુણોની પર્યાય શુદ્ધ કરવાથી શિવપુરીને પામે? (નં. ૧૨૬૧ સુરેન્દ્રનગર)

ઉત્તર :– જીવમાં અનંતગુણો છે તે બધાયનું વર્ણન શબ્દોમાં આવી ન શકે; પણ મોક્ષમાર્ગ સાધવા માટે પ્રયોજનરૂપ ગુણોનું વર્ણન આચાર્ય ભગવંતોએ કર્યું છે. તેમાં ખાસ કરીને શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રની ઊંધી પર્યાય એટલે કે મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર તે સંસારનું કારણ છે; ને તે ગુણોની શુદ્ધપર્યાય એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મોક્ષનું કારણ છે, તેના વડે જીવ શિવપુરીને પામે છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય શુદ્ધ થતાં સાથેના બીજા ગુણોમાં પણ શુદ્ધતા થાય છે. જેમ કે સુખગુણની પર્યાયમાં દુ:ખ ટળીને અતીન્દ્રિયસુખ પ્રગટે છે.

પ્ર :– અવધિ અને મન: પર્યયજ્ઞાનવાળા જીવો કર્મને જોઈ શકે? (નં. ૨૦૬ ગોંડલ)

ઉ :– હા, તે પ્રકારનું વિશેષ નિર્મળ જ્ઞાન હોય તો જોઈ શકે.

ઉપરોક્ત પ્રશ્નકાર ભાઈ લખે છે– ‘ગયા મહિને મારા બે પ્રશ્નોનો જવાબ ન આવવાથી હું બહુ હતાશ થયો છું.’

ભૈયા! જવાબ જરા વિલંબથી આવે તેમાં હતાશ થવાનું શું હોય! તમે કૂલ ૪ પ્રશ્નો પૂછયા; હવે આપણા ૧૫૦૦ સભ્યો દરેક તમારી જેમ ચાર પ્રશ્નો પૂછે તો કેટલા પ્રશ્નો થાય? છ હજાર! ને દર મહિને એકસો પ્રશ્નોના જવાબ આપીએ તોય કેટલો ટાઈમ થાય! પાંચ વર્ષ!–એને બદલે તમારા પ્રશ્નના જવાબ તો બે મહિનામાં જ આવી ગયા. ભાઈ, **તમે બાલવિભાગના સભ્યો**

**તો હજી નાના છો, હજી તો મોટા થઈને જીવનમાં અનેક ઉત્તમ કાર્યો કરવાનાં છે. તેમાં અત્યારથી આવી નજીવી બાબતમાં હતાશા કેમ પાલવે? હતાશાને જીવનમાંથી ખંખેરી નાંખજો ને ઉલ્લાસથી જીવનને ભરી દેજો. જીવનમાં ગમે તેવા પ્રસંગો આવે તો પણ હતાશાને પ્રવેશવા દેશો નહિ....ધૈર્ય અને આત્મબળથી આગળ ને આગળ વધજો.**

અમદાવાદથી (સભ્ય નં. ૪૪૫) પ્રવીણચંદ્ર જૈન લખે છે. જન્મદિવસે અભિનંદન કાર્ડ તથા ગુરુદેવનો ફોટો મળતાં ઘણો જ હર્ષ થયો; સાથે એમ પણ થયું કે અરે, આયુષ્યમાંથી એક વર્ષ ઓછું થયું ને આત્માનું તો કાંઈ કર્યું નથી. આ દિવસથી આત્મહિત કરવાની ઘણી ભાવના થઈ છે.

પ્ર૦ :– અગિયાર અંગ ને નવ પૂર્વ એટલે શું? (નં. ૪૫૧)

ઉ૦ :– તીર્થંકરભગવાને જે ઉપદેશ આપ્યો તે ઝીલીને ગણધરદેવે જે શાસ્ત્ર રચ્યાં તેને બારઅંગ કહેવાય છે; તેનાં નામ–

| | | | |
|---|---|---|---|
| (૧) | આચાર–અંગ | (૨) | સૂત્રકૃત–અંગ |
| (૩) | સ્થાન–અંગ | (૪) | સમવાય–અંગ |
| (૫) | વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ | (૬) | જ્ઞાતૃધર્મકથા |
| (૭) | ઉપાસકઅધ્યયન | (૮) | અંતકૃતદશાંગ |
| (૯) | અનુત્તરોપપાદક | (૧૦) | પ્રશ્નવ્યાકરણ |
| (૧૧) | વિપાકસૂત્રો | (૧૨) | દૃષ્ટિવાદઅંગ |

આમાંથી દૃષ્ટિવાદ નામનું જે બારમું અંગ છે તેના પેટામાં ૧૪ પૂર્વ સમાય છે. એ ૧૪ પૂર્વમાંથી અજ્ઞાનીને વધુમાં વધુ ૯ પૂર્વનું જ્ઞાન થઈ શકે છે. ૧૪ પૂર્વનું પૂરું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને જ થાય. આ રીતે ૧૧ અંગ ને નવ પૂર્વ એ અજ્ઞાનીના ઉઘાડની ઉત્કૃષ્ટ મર્યાદા છે.

પ્ર૦ :– ઋદ્ધિધારી એટલે શું? (નં. ૪૫૧)

ઉ૦ :– આત્મસ્વરૂપના આરાધક જીવોને પવિત્રતાની તેમજ પુણ્યની અનેક પ્રકારની ઋદ્ધિ પ્રગટે છે. ૬૪ પ્રકારની ઋદ્ધિ છે, તેમાં સૌથી શ્રેષ્ઠ ઋદ્ધિ કેવળજ્ઞાન છે. કુંદકુંદાચાર્યદેવને આકાશમાં ગમનની ઋદ્ધિ હતી. જેમને આવી ઋદ્ધિ પ્રગટી હોય તેમને ઋદ્ધિધારીમુનિવર કહેવાય. શાસ્ત્રોમાં તેનું ઘણું સુંદર વર્ણન આવે છે. કોઈવાર આપણે આત્મધર્મમાં તે આપીશું.

## વિવિધ સમાચાર

* મધ્યપ્રદેશની સરકારે પર્યુષણપર્વમાં ભાદ્ર સુ. ૫ થી ૧૫ સુધીના ૧૧ દિવસ સુધી જૈન કર્મચારીઓને માટે બે કલાક મોડા આવવાની છૂટ આપીને ખાસ સુવિધા આપેલ છે.

* શ્રી સમ્મેદશિખરજી સંબંધમાં હાલમાં બિહાર સરકાર સાથે જે કરાર થયા તેનાથી દિગંબર કે શ્વેતાંબર બેમાંથી કોઈને નવા વિશેષ હક્ક પ્રાપ્ત થતા નથી, કે બેમાંથી કોઈના જુના હક્કોને બાધા પહોંચતી નથી. અગાઉ કોર્ટ દ્વારા જે પ્રમાણે હક્ક નક્કી થયેલા ને યથાવત્ રહેવાની અને તેનું સંરક્ષણ થવાની બાહેંધરી ઉપરોક્ત કરારથી મળે છે.

* દક્ષિણ દેશમાં "कुंदकुंद विद्यापीठ ब्रह्मचर्याश्रम" ને ચાર લાખ રૂપિયાનું દાન એમ. કે. જિનનાથન તરફથી મળ્યું છે. પહેલાં પણ તેમણે આ ક્ષેત્રને પાંચ લાખ રૂપિયા આપ્યા હતા. સીમોગા, હુમચ, બેંગલોર તથા તુમુકુર વગેરેમાં સારી જાગૃતી આવી છે.

—जैनमित्र

* જૈનોની વસ્તીગણતરીનું કાર્ય ચાલી રહ્યું છે, જેમાં લગભગ અડધું કાર્ય થયું છે, તેમાં પણ પચાસલાખની ગણતરી નોંધાઈ ગઈ છે. આ ઉપરથી સમસ્ત જૈનોની વસ્તી એક કરોડ જેટલી હોવાનું દ્રઢ અનુમાન સહેજે થઈ શકે છે.

* ઘાટકોપરઃ– અહીં મુમુક્ષુ મંડળ ઉત્સાહપૂર્વક ચાલી રહ્યું છે ને અવારનવાર વિશેષ કાર્યક્રમો પણ યોજાય છે. વળી જિનેન્દ્રભગવાનની પધરામણી થયા પછી મુમુક્ષુઓ વધુ ઉત્સાહિત બન્યા છે. તા. ૨૮–૮–૬૬ ના રોજ પ્રવચન વગેરેનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં કહાનનગર સોસાયટી (દાદર) પાઠશાળાના બાળકોએ સંવાદ વગેરેનો સુંદર કાર્યક્રમ આપ્યો હતો. મુંબઈ મુમુક્ષુ મંડળના પ્રમુખશ્રી રમણીકભાઈ આ પ્રસંગે હાજર હતા ને તેમના હાથે બાળકોને ઈનામ વહેંચાયા હતા.

* આવતા વર્ષમાં જયપુરમાં પં. શ્રી ટોડરમલ્લજીની દ્વિશતાબ્દિનો સમારોહ થશે. શ્રીમાન પંડિતજી જયપુરમાં થયા, અને મોક્ષમાર્ગપ્રકાશક વગેરેની રચના પણ તેમણે જયપુરના જિનમંદિરમાં કરી હતી.

* સૌરાષ્ટ્રના સંત શ્રીમદ્ રાજચંદ્રજી વવાણીયા ગામમાં સં. ૧૯૨૪ના કારતક સુદ પુનમે જન્મ્યા હતા. આવતી સાલના કારતક સુદ પુનમે તેમને એક સોમું વર્ષ બેસશે; ને ૧૯૨૪ ના કારતક સુદ પુનમે સો વર્ષ પૂરા થશે. તે પ્રસંગે શ્રીમદ્ રાજચંદ્રશતાબ્દિ મહોત્સવ ઉજવવાનું આયોજન (અમદાવાદ વગેરેમાં) ચાલી રહ્યું છે.

* શ્રી ભારતવર્ષીય દિ. જૈન તીર્થક્ષેત્ર કમિટિની પ્રબંધકારિણી કમિટિના એંક સદસ્ય સમ્મેદશિખર પ્રકરણના સુખદ અંત બાબત હર્ષ વ્યક્ત કરીને જણાવે છે કે, ૩૦–૪૦ વર્ષ પહેલાં પણ આવી ઘટના બની હતી, ને તે વખતે આપણા તીર્થક્ષેત્રની રક્ષાના મહાન કાર્યકર્તા સર શેઠ હુકમીચંદજી વગેરેએ તીર્થક્ષેત્ર કમિટિને મજબૂત બનાવવા માટે દિ૦ જૈનોના પ્રત્યેક ઘરદીઠ વાર્ષિક એક રૂપિયો તીર્થરક્ષા–ફંડમાં અપાય એવી યોજના બનાવી હતી.

જો તે યોજના ત્યારથી વ્યવસ્થિત ચાલુ રહી હોત તો લાખો દિ૦ જૈનના ઘરોમાંથી અત્યારસુધીમાં કેટલાય લાખ રૂપિયા એકઠા થયા હોત! આજે આ યોજનાની ખાસ આવશ્યકતા છે, ને તીર્થ પ્રત્યે ભક્તિપૂર્વક આટલો સહયોગ આપવા ઘરઘરના જૈનો ખુશી છે. તો આ યોજના વિચારીને તેનો અમલ કરવાનું અને તેમાં આળસ ન કરવાનું કમિટિના સભ્ય સૂચવે છે. આથી આપણા પૂજ્ય તીર્થોની સંભાળ કરનારી તીર્થક્ષેત્ર કમિટિના હાથ મજબૂત બનશે અને સમાજના ઉત્સાહભર્યા સહકારથી તેનું કાર્ય સરળ બનશે......આપણા તીર્થોની ઉન્નતિ થશે (जैन सन्देश ના આધારે)

卐

આત્મધર્મનું નવા વર્ષનું લવાજમ ત્રણ
રૂપિયા વેલાસર મોકલીને વ્યવસ્થામાં સહકાર આપો

**જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

**સોનગઢઃ સૌરાષ્ટ્ર**




[ ધર્મવત્સલ બાલબંધુઓ, ગયા વખતે પ્રશ્નો પૂછયા ન હતા તેથી તમને મજા નહિ પડી હોય ! આ વખતે ચાર પ્રશ્નો આપીએ છીએ. જરાક વિચારીને જવાબ લખજો. જવાબ પોસ્ટકાર્ડમાં લખજો, તેથી સાથે સભ્ય નંબર તથા સરનામું લખજો. બીજું કાંઈ તેમાં ન લખશે; બીજું લખવું હોય તો જુદા પત્રમાં લખશો. જેમને નવા સભ્ય થવાનું હોય તેઓ પોતાનું નામ–સરનામું, ઉમર, અભ્યાસ તથા જન્મદિવસ એટલી વિગત લખીને ( આત્મધર્મ બાલવિભાગ, સોનગઢ સૌરાષ્ટ્ર ) એ સરનામે મોકલી આપે. સભ્ય થવા માટે કાંઈ ફી હોતી નથી; તમે સૌ આનંદથી ધર્મમાં રસ લ્યો એ જ ફી છે. ]


*** ન વા પ્ર શ્નો *** [ જવાબ ૧૦ મી તારીખ સુધી જ લખવા. ]

૧. મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ છે, તો રાગ તેમાં આવે કે નહીં ?

૨. બાલબ્રહ્મચારી તીર્થંકર ભગવાન કેટલા ? અને કયા કયા ?

૩. સંસારમાં ચાર ગતિ છે–નરક, તિર્યંચ, મનુષ્ય ને દેવ; આ ચાર ગતિમાં તો જીવ ઘણીવાર જઈ આવ્યો; તો હવે એ ચાર ગતિથી જુદી પાંચમી એક સરસ મજાની ગતિ છે, જે ગતિમાં જવાનું આપણને બહુ ગમે છે,–તે ગતિ શોધી કાઢો.

૪. **[ ર ણ વ ધ ગ દે ]** આ છ અક્ષરમાં આપણા જૈનધર્મના એક ઘણા મોટા મહાત્મા બિરાજે છે, તેમને ઓળખી લ્યે.



આ ગાયના ગોવાળને તમે ઓળખો છો ? કેવો સરસ મજાનો ભદ્રિક એનો ચહેરો છે ! એ કોણ છે ? ને શું કરે છે ? તે જાણીને તમને ઘણો જ આનંદ થશે. તમે એને ઓળખી લેજો. નહિતર આવતા અંકમાં નાનકડી કથાદ્વારા તેની ઓળખાણ કરાવીશું.

## ૨૪ ભગવાન

ચોવીસ તીર્થંકરભગવાનના નામ મોઢે કરવાનું અગાઉ બાલવિભાગમાં લખ્યું હતું; તમે તે મોઢે કર્યા હશે. તેમાં વાસુપૂજ્ય, મલ્લિનાથ, નેમનાથ, પાર્શ્વનાથ ને મહાવીર એ પાંચ ભગવંતો બાલબ્રહ્મચારી હતા. હવે–

(૧) તમે એ પાંચે બાલબ્રહ્મચારી ભગવંતોના નંબરનો સરવાળો કરો જોઈએ! જો તમારો સરવાળો સાચો હશે તો ૧૦૦ માર્ક.

(૨) એ પાંચ સિવાય બાકીના ૧૯ તીર્થંકર ભગવાનના નંબર જુદા લખીને તેનો સરવાળો કરો, એટલે તમને ૨૦૦ મળશે.

(૩) હવે એક સાથે ૧ થી ૨૪ સુધીના બધાય ભગવાનના નંબરનો સરવાળો કરશો તો બરાબર ૩૦૦ થશે.

કેવો સરસ મેળ છે!

## મોક્ષનો માર્ગ

ગયા અંકમાં એક ચિત્રમાં મોક્ષમાર્ગ શોધવાનું હતું; તમે તે માર્ગ શોધી કાઢયો હશે. રસ્તો આ પ્રમાણે હતો–સૌથી પહેલાં બાળકના ડાબા હાથ તરફ સીધા જવું, પછી નીચે ઉતરવું ને પછી ઉપર ઉપર ચાલ્યા જવું. આમાં સીધા જવું તે સરળતા બતાવે છે, નીચે ઉતરવાનું નમ્રતા સૂચવે છે, ને પછી ઉપર જવાનું છે તે ઉન્નતિ માટેના ઊંચાઊંચા પરિણામ સૂચવે છે. આ સરળતા નમ્રતાપૂર્વક ઊંચાભાવથી સત્સમાગમ સુધી આવી પહોચ્યાં; હવે સત્સમાગમે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધનારૂપ સીધો મોક્ષમાર્ગ દેખાય છે ને તેની આરાધનાથી મોક્ષ પમાય છે. ચારગતિના ચક્રથી છૂટીને આવા માર્ગની આરાધના વડે આપણે મોક્ષ પામીએ–એવી ભાવના આ ચિત્રદ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

❁ બંધુઓ, આ ભાદરવા સુદ પાંચમથી ૧૪ સુધી પર્યુષણપર્વ છે. તેમાં ધર્મની ખૂબખૂબ ભાવના કરજો. હરરોજ દર્શન-પૂજન-હોંશથી કરજો. ધર્માત્મા મહાપુરુષોના પવિત્ર જીવનને યાદ કરી કરીને તેમના જેવા થવાનો પ્રયત્ન કરજો. નવા નવા શાસ્ત્રો વાંચજો.

બંધુઓ, આ દશે દિવસોમાં રાત્રિભોજનનો જરૂર ત્યાગ કરજો; ને પછી પણ હંમેશને માટે એ રાત્રિભોજનના પાપને તિલાંજલિ આપી દેજો. તમે રાત્રિભોજન છોડશો એટલે તમારા ઘરમાંથી પણ સહેજે રાત્રિભોજન છૂટી જશે.

# બાલ વિભાગના નવા સભ્યો

**આત્મધર્મના બાલવિભાગમાં ૩૬૦ કરતાં વધુ સભ્યો કોલેજિયનો છે; કોલેજના ઉચ્ચ શિક્ષણની સાથે સાથે, તે કોલેજના અભ્યાસ કરતાં ધાર્મિક અભ્યાસને વધુ મહત્ત્વનો સમજીને અત્યંત રસપૂર્વક તેમાં ભાગ લઈ રહ્યા છે. આટલી મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ ધર્મઅભ્યાસમાં ભાગ લઈ રહ્યા છે તે માત્ર બાલવિભાગનું જ નહિ પરંતુ સમસ્ત જૈનસમાજનું એક ગૌરવ છે. પૂ. ગુરુદેવની વિશિષ્ટ તત્ત્વપ્રતિપાદનશૈલિ એવી આત્મસ્પર્શી છે કે યુવકવર્ગ પણ તેમાં ઉત્સાહથી રસ લ્યે છે. આત્મધર્મના બાલવિભાગમાં પણ ગુરુદેવનો જ હિતોપદેશ બાળકો સમજી શકે તેવી સરળ શૈલિથી રજૂ કરવામાં આવે છે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩૭૭ | વિનોદ એલ. જૈન | સોનગઢ | ૧૪૦૧ | વિક્રમ વી. જૈન | મુંબઈ–૭૭ |
| ૧૩૭૮ | નરેન્દ્ર જે. જૈન | ” | ૧૪૦૨ | લલીતાબેન ચકુભાઈ જૈન | ફતેપુર |
| ૧૩૭૯ | શ્રીકાન્ત કે. જૈન | ” | ૧૪૦૩ | જયસુખલાલ પી. જૈન | મુંબઈ–૩૦ |
| ૧૩૮૦ | પ્રેમજી ગાંગજી જૈન | ” | ૧૪૦૪ | જયેન્દ્ર જે. જૈન | સોનગઢ |
| ૧૩૮૧ | હરેન્દ્ર રવીચંદ જૈન | ” | ૧૪૦૫ | વિજય ચંદુલાલ જૈન | ” |
| ૧૩૮૨ | રજનીકાન્ત સી. જૈન | પ્રાંતીજ | ૧૪૦૬ | કેતકીબેન મયાભાઈ જૈન | મુંબઈ–૨૦ |
| ૧૩૮૩ | સુમતિલાલ જૈન | ” | ૧૪૦૭ | સુમતીલાલ જૈન | પ્રાંતીજ |
| ૧૩૮૪ | નૈલેશકુમાર જૈન | ” | ૧૪૦૮ | ભૂપેન્દ્ર ભોગીલાલ જૈન | મુંબઈ–૩ |
| ૧૩૮૫ | સૂર્યા ચંપકલાલ જૈન | સુરેન્દ્રનગર | ૧૪૦૯ | કાન્તાબેન વાડીલાલ જૈન | લાઠી |
| ૧૩૮૬ | અરૂણા એમ. જૈન | મુંબઈ–૫૫ | ૧૪૧૦ | હરીશકુમાર એસ. જેન | જામનગર |
| ૧૩૮૭ | હિના પી. જૈન | મુંબઈ–૨૨ | ૧૪૧૧ | મહેશ. એસ જૈન | ” |
| ૧૩૮૮ | અમીન પી. જૈન | ”-” | ૧૪૧૨ | ગીરીશાબેન. એસ. જૈન | ” |
| ૧૩૮૯ | દિપ્તી એ. જૈન | ”-” | ૧૪૧૩ | કૌશીક હિંમતલાલ જૈન | લાઠી |
| ૧૩૯૦ | પારૂલ એ. જૈન | ”-” | ૧૪૧૪ | ભાવના હિંમતલાલ જૈન | ” |
| ૧૩૯૧ | પરાગ પી. જૈન | મુંબઈ–૨ | ૧૪૧૫ | રાજેશ હિંમતલાલ જૈન | મુંબઈ–૨૮ |
| ૧૩૯૨ | આશીકા પી. જૈન | ”-” | ૧૪૧૬ | વર્ષા હિંમતલાલ જૈન | ”-” |
| ૧૩૯૩ | કેતન પી. જૈન | ”-” | ૧૪૧૭ | રાજચંદ હિંમતલાલ જૈન | ”-” |
| ૧૩૯૪ | ઈલાબેન જી. જૈન | ”-” | ૧૪૧૮ | જાગૃતી હિંમતલાલ જૈન | ”-” |
| ૧૩૯૫ | જનકલાલજી જૈન | ”-” | ૧૪૧૯ | મહેશ પી. જૈન | ”-” |
| ૧૩૯૬ | નીરંજન આર. જૈન | સુરેન્દ્રનગર | ૧૪૨૦ | ધીરેન આર. જૈન | ”-” |
| ૧૩૯૭ | દીપક અમૃતલાલ જૈન | ”-” | ૧૪૨૧ | વીરેન્દ્ર આર. જૈન | ”-” |
| ૧૩૯૮ | ભદ્રેશ નગીનદાસ જેન | નાપાડ | ૧૪૨૨ | જ્યોતીન્દ્ર આર. જૈન | ”-” |
| ૧૩૯૯ | રાજેન્દ્ર નગીનદાસ જૈન | સોનગઢ | ૧૪૨૩ | સંજયકુમાર બી. જૈન | બોટાદ |
| ૧૪૦૦ | ઉષાબેન મનસુખલાલ જૈન | ” | ૧૪૨૪ | નીરૂપાબેન બી. જેન | ” |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪૨૫ | નયનકુમાર બી. જૈન | બોટાદ | ૧૪૫૯ | સુશીલાબેન કે. જૈન | ફતેપુર |
| ૧૪૨૬ | દિલીપકુમાર બી. જૈન | ” | ૧૪૬૦ | મીષ્ટાબેન ડાયાલાલ જૈન | હિંમતનગર |
| ૧૪૨૭ | મીનાક્ષીબેન બી. જૈન | ” | ૧૪૬૧ | બીપીનચંદ્ર તારાચંદ જૈન | ” |
| ૧૪૨૮ | અશોકકુમાર બી. જૈન | ” | ૧૪૬૨ | ભરતકુમાર તારાચંદ જૈન | ” |
| ૧૪૨૯ | પ્રદીપકુમાર બી. જૈન | ” | ૧૪૬૩ | નરેશકુમાર તારાચંદ જૈન | ” |
| ૧૪૩૦ | રાજેશકુમાર એન. જૈન | મુંબઈ–૬૪ | ૧૪૬૪ | ઉર્મીલાબેન તારાચંદ જૈન | ” |
| ૧૪૩૧ | મનોજકુમાર એન. જૈન | ”–” | ૧૪૬૫ | કલ્પના તારાચંદ જેન | ” |
| ૧૪૩૨ | અશોકકુમાર એન. જૈન | ”–” | ૧૪૬૬ | અરવીંદ ચંદુલાલ જૈન | ” |
| ૧૪૩૩ | મહેન્દ્રકુમાર સી. જૈન | ભાલ | ૧૪૬૭ | ચન્દ્રકાંત કાંતીલાલ જૈન | ” |
| ૧૪૩૪ | સુધાબેન પી. જૈન | રાજકોટ | ૧૪૬૮ | લીલાકુમારી હરખચંદ જૈન | સાયલા |
| ૧૪૩૫ | ચંદ્રકાંત જૈન | અમદાવાદ | ૧૪૬૯ | અનસુયાબેન મોહનલાલ જૈન | રાજકોટ |
| ૧૪૩૬ | શૈલેષ જે. જૈન | સુરત | ૧૪૭૦ | નીર્મળાબેન મોહનલાલ જૈન | રાજકોટ |
| ૧૪૩૭ | હીરેન સી. જૈન | મુંબઈ–૬૪ | ૧૪૭૧ | હેમલત્તાબેન મોતીલાલ જૈન | ખંડવા |
| ૧૪૩૮ | અનીલ આર. જૈન | મુંબઈ–૭૭ | ૧૪૭૨ | શોભનાબેન ઠાકોરદાસ જૈન | રાનકુવા |
| ૧૪૩૯ | ગીરીશ આર. જૈન | ”–” | ૧૪૭૩ | કિશોરચંદ ઠાકોરદાસ જૈન | ” |
| ૧૪૪૦ | વર્ષાબેન મનમોહન જૈન | મુંબઈ–૫૫ | ૧૪૭૪ | માલતીબેન ઠાકોરદાસ જૈન | ” |
| ૧૪૪૧ | સુબોધકુમાર મનમોહન જૈન | ”–” | ૧૪૭૫ | શૈલાબેન દશરથલાલ જૈન | ” |
| ૧૪૪૨ | નીલેશ નિરંજન જૈન | ”–” | ૧૪૭૬ | અંજનાબેન રમેશચંદ્ર જૈન | ” |
| ૧૪૪૩ | રમેશકુમાર તારાચંદ જૈન | મુંબઈ–૯ | ૧૪૭૭ | પ્રતીભાબેન પાનાચંદ જૈન | મુંબઇ |
| ૧૪૪૪ | દિનેશકુમાર કચરાલાલ જૈન | પ્રાંતીજ | ૧૪૭૮ | અશોકકુમાર વાડીલાલ જૈન | સાવરકુંડલા |
| ૧૪૪૫ | અશોકકુમાર કચરાલાલ જૈન | ” | ૧૪૭૯ | દિનેશચંદ અમૃતલાલ જૈન | બાલીસણા |
| ૧૪૪૬ | હસમુખ કાન્તીલાલ જૈન | ” | ૧૪૮૦ | પોપટલાલ ગાભાલાલ જેન | બાલીસણા |
| ૧૪૪૭ | જયકુમાર વીરચંદ જૈન | ” | ૧૪૮૧ | નીરૂપાબેન ચંપકલાલ જૈન | અંકલેશ્વર |
| ૧૪૪૮ | પ્રકાશકુમાર મણીલાલ જૈન | ” | ૧૪૮૨ | રાજેન્દ્ર મોહનલાલ જૈન | વાલવોડ |
| ૧૪૪૯ | નરેશભાઈ જીવરાજ જૈન | ” | ૧૪૮૩ | રવીન્દ્ર મોહનલાલ જૈન | વાલવોડ |
| ૧૪૫૦ | વસંતકુમાર એમ. જૈન | ” | ૧૪૮૪ | હસમુખ મોહનલાલ જૈન | ” |
| ૧૪૫૧ | હેમંતકુમાર ફતેચંદ જૈન | પોરબંદર | ૧૪૮૫ | બીપીનચંદ્ર જેન્તીલાલ જૈન | થાનગઢ |
| ૧૪૫૨ | જ્યોતીબેન કાન્તીલાલ જૈન | પુના | ૧૪૮૬ | દેવેન્દ્ર જેન્તીલાલ જૈન | ” |
| ૧૪૫૩ | કોકીલાબેન વીરચંદ જૈન | મુડેટી | ૧૪૮૭ | નુતન જેન્તીલાલ જૈન | બારોજા |
| ૧૪૫૪ | ઈલાબેન જે. જૈન | ગોંડલ | ૧૪૮૮ | અતુલ જેન્તીલાલ જૈન | ” |
| ૧૪૫૫ | પ્રદિપકુમાર શીવલાલ જૈન | જેતપુર | ૧૪૮૯ | પ્રકાશચંદ્ર સુંદરલાલ જૈન | અમદાવાદ |
| ૧૪૫૬ | હરેશકુમાર જેન્તીલાલ જૈન | મુંબઈ–૭૭ | ૧૪૯૦ | પ્રતીભાબેન કાન્તીલાલ જૈન | ” |
| ૧૪૫૭ | ભરતકુમાર જેન્તીલાલ જૈન | લાઠી | ૧૪૯૧ | પ્રતીકકુમાર કાન્તીલાલ જૈન | પ્રાંતીજ |
| ૧૪૫૮ | વિનયચંદ એમ. જૈન | વીંછીયા | ૧૪૯૨ | સુભાષચંદ્ર મણીલાલ જૈન | પ્રાંતીજ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪૯૩ | રજનીકાન્ત શાન્તીલાલ જૈન | સોનગઢ | ૧૫૨૨ | ડાહ્યાલાલ હરિલાલ જૈન | પ્રાંતીજ |
| ૧૪૯૪ | મહેન્દ્ર ધરમચંદ જૈન | ” | ૧૫૨૩ | ગાભાલાલ પુંજાલાલ જૈન | ” |
| ૧૪૯૫ | હરેશ પ્રાણલાલ જૈન | સોનગઢ | ૧૫૨૪ | દર્શનાબેન પ્રફુલભાઈ જૈન | જમશેદપુર |
| ૧૪૯૬ | હસમુખ શાન્તીલાલ જૈન | ” | ૧૫૨૫ | કલ્પનાબેન પ્રીતમલાલ જૈન | અંધેરી–૬૧ |
| ૧૪૯૭ | પંકજકુમાર કનકચંદ જૈન | જમશેદપુર | ૧૫૨૬ | રશ્મીકુમાર પ્રીતમલાલ જૈન | મુંબઇ–૬૧ |
| ૧૪૯૮ | દિલિપકુમાર અમથાલાલ જૈન | પ્રાંતીજ | ૧૫૨૭ | રમેશચંદ્ર અંબાલાલ જૈન | પાટી |
| ૧૪૯૯ | હેમાંશુ અરૂણભાઈ જૈન | શાયન | ૧૫૨૮ | ભરતકુમાર અંબાલાલ જૈન | હિંમતનગર |
| ૧૫૦૦ | ઈન્દીરાબેન છબીલદાસ જૈન | ભૂજ | ૧૫૨૯ | જ્યોત્સનાબેન નગીનદાસ જૈન | કલકત્તા |
| ૧૫૦૧ | સુશીલાબેન છબીલદાસ જૈન | ” | ૧૫૩૦ | કીર્તીકુમાર નગીનદાસ જૈન | ” |
| ૧૫૦૨ | દેવ્યાનીબેન છબીલદાસ જૈન | ” | ૧૫૩૧ | અરવિંદકુમાર નગીનદાસ જૈન | ” |
| ૧૫૦૩ | સંજયકુમાર છબીલદાસ જૈન | ” | ૧૫૩૨ | જિતેન્દ્રકુમાર કોદરલાલ જૈન | નવા |
| ૧૫૦૪ | સંજયકુમાર શાન્તીલાલ જૈન | ઘાટકોપર | ૧૫૩૩ | પિનકીબેન ધનપાળ જૈન | દાદર |
| ૧૫૦૫ | કિશોરકુમાર ઉમેદચંદ જૈન | દલડી | ૧૫૩૪ | દિપ્તીબેન ધનપાળ જૈન | ” |
| ૧૫૦૬ | દિલિપકુમાર ઉમેદચંદ જૈન | દલડી | ૧૫૩૫ | આશાબેન ધીરજલાલ જૈન | મુંબઈ–૫૭ |
| ૧૫૦૭ | શૈલેશ મણીલાલ જૈન | ” | ૧૫૩૬ | રમેશચંદ્ર પોપટલાલ જૈન | મુંબઈ–૧૬ |
| ૧૫૦૮ | ભૂપેન્દ્રકુમાર અમુલખભાઈ જૈન | જોરાવરનગર | ૧૫૩૭ | રજનીકાંત પોપટલાલ જૈન | ” |
| ૧૫૦૯ | રંજનબેન. બી. જૈન | ” | ૧૫૩૮ | નરેન્દ્રકુમાર પોપટલાલ જૈન | ” |
| ૧૫૧૦ | ચેતન સી. જૈન | અમદાવાદ | ૧૫૩૯ | હર્ષદરાય પોપટલાલ જૈન | ” |
| ૧૫૧૧ | જાગૃતિબેન સી. જૈન | ” | ૧૫૪૦ | હીરાલાલ ભીખાભાઈ જૈન | રખીયાલ |
| ૧૫૧૨ | સંગીતાબેન સી. જૈન | ” | ૧૫૪૧ | વિજયકુમાર માણેકલાલ જૈન | મુબંઈ–૨ |
| ૧૫૧૩ | ભાવનાબેન એ. જૈન | સાવરકુંડલા | ૧૫૪૨ | ઉમેશકુમાર માણેકલાલ જૈન | ” |
| ૧૫૧૪ | પ્રવિણાબેન એ. જૈન | ” | ૧૫૪૩ | નલીનીબેન છોટાલાલ જૈન | સુદાસણા |
| ૧૫૧૫ | સંગીતા બી. જૈન | જોરાવરનગર | ૧૫૪૪ | અશ્વીનકુમાર છોટાલાલ જૈન | ” |
| ૧૫૧૬ | મનોજકુમાર શાન્તીલાલ જૈન | અમદાવાદ | ૧૫૪૫ | વિનોદચંદ્ર કે. જૈન | સલાલ |
| ૧૫૧૭ | ઉર્મિલાબેન બી. જૈન | હિંમતનગર | ૧૫૪૬ | અનિલકુમાર ચીમનલાલ જૈન | ” |
| ૧૫૧૮ | સતીશચંદ્ર એમ. જૈન | ” | ૧૫૪૭ | મહેન્દ્રકુમાર કે. જૈન | ” |
| ૧૫૧૯ | રજનીકાન્ત એમ. જૈન | ” | ૧૫૪૮ | ઉષાબેન કોદરલાલ જૈન | મુનાઈ |
| ૧૫૨૦ | તરૂણકુમાર ધુરાલાલ જૈન | તલાદ | ૧૫૪૯ | ભારતીબેન મહેન્દ્ર જૈન | મુંબઈ–૩૧ |
| ૧૫૨૧ | જ્યોત્સના આર. જૈન | ” | | | |

# સમયસાર ( પંદરમી વખત પ્રવચનો )

ગ્રંથાધિરાજ સમયસાર એટલે ગુરુદેવના જીવનના સાથીદાર; ગુરુદેવે પોતે અંગત રીતે સેંકડોવાર એ મહાશાસ્ત્રના સ્વાધ્યાય-મનન કરેલ છે. ને સેંકડો-હજારો મુમુક્ષુઓની સભામાં પંદરમી વખત એના ઉપર વિસ્તૃત પ્રવચનો ચાલી રહ્યાં છે. અધિક શ્રા. સુદ ૧૦ ના રોજ યોગસાર-પ્રવચનો પૂર્ણ થયા ને શ્રાવણ સુદ ૧૧ ના રોજ સમયસાર ઉપર પંદરમી વખત પ્રવચનોનો અત્યંત ઉલ્લાસકારી મંગલ પ્રારંભ થયો....સિદ્ધભગવંતોને આદર્શરૂપે આત્મામાં સ્થાપી નમસ્કાર કર્યા, આત્મામાં સિદ્ધપણું સ્થાપીને 'હું સિદ્ધ તું સિદ્ધ' એવું અપૂર્વ મંગલાચરણ કર્યું-જાણે સાધકપણાની શરૂઆતનો ઉત્સવ ઉજવાયો. આ ઉત્સવ પ્રસંગે સવારમાં જિનવાણી-પૂજન બાદ, સમયસારના બહુમાનરૂપે નાનકડી રથયાત્રા નીકળી ને સૌ જિનવાણીના ગીત ગાતાંગાતાં પ્રવચનમાં આવ્યાં. "નમઃ સમયસાર" નું મંગલપ્રવચન કરતી વખતે શુદ્ધાત્મા પ્રત્યે ગુરુદેવના ભાવો એવા ઉલ્લસી જાય છે કે એ ઉલ્લાસતરંગની છોળ શ્રોતાના હૃદયને પણ ભીંજવી દે છે. પંદરમી વખતનું આ મંગલ પ્રવચન સાંભળીને ઉલ્લાસ આવતાં શેઠશ્રી મગનલાલ સુંદરજી મહેતાએ રૂા. પંદરસો જ્ઞાનખાતે જાહેર કરીને સમયસાર પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરી હતી. ઈંદોરના પ્રસિદ્ધ પંડિત શ્રી બંસીધરજી શાસ્ત્રી પણ આ પ્રસંગે સોનગઢ હોવાથી સમયસારની આવી ઉલ્લાસકારી શરૂઆત દેખીને ખૂબ પ્રસન્ન અને પ્રભાવિત થયા હતા. ખરેખર, 'સમયસાર' વડે શુદ્ધાત્મસ્વરૂપ દર્શાવીને સંતોએ ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે.

## " जय समयसार "

[ સમયસાર સંબંધી આ સમાચાર ગતાંકમાં છાપવા માટે લખી મોકલેલ, પણ તે ગેરવલ્લે જવાથી ગતાંકમાં છપાયા નહિ. તેવી ફરીથી લખીને આ અંકમાં વિલંબથી તે સમાચાર છપાય છે.





* પાલેજના ભાઈશ્રી આણંદજી નાગરદાસ શ્રાવણ સુદ ત્રીજના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ગુરુદેવના જુના પરિચીત હતા અને અવારનવાર ભક્તિથી સોનગઢ આવીને લાભ લેતા હતા.
* દેહગામના ભાઈશ્રી બાબુલાલ ડાયાભાઈ પ્ર. શ્રાવણ વદ ૧૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અગાઉ કેટલાક વર્ષો સોનગઢમાં રહ્યા હતા ને તત્ત્વનો અભ્યાસ કરતા હતા.
* બરવાળાના સ્વ. ભાઈલાલ પુરુષોત્તમના પુત્રી સુરજબેન તા. ૪–૯–૬૬ ના રોજ મુંબઈમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને સત્સંગનો લાભ લેતા હતા.
* રાજકોટના ભાઈશ્રી હીરાચંદ દામોદરદાસ લાખાણી તા. ૧૩–૮–૬૬ ના રોજ ૬૭ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે. અવારનવાર તેઓ સોનગઢ આવતા.

**સ્વર્ગસ્થ આત્માઓ ધર્મસંસ્કારમાં આગળ વધીને આત્મહિત પામો.**


## ઉપાદેય પરંપરા









આ પાંચ ચિત્રો શું સૂચવે છે તેનો વિચાર કરો.
વિશેષ પરિચય માટે આવતો અંક જુઓ.

### આત્મધર્મ-વિકાસ તથા બાલવિભાગ માટે આવેલ રકમોની સાભાર નોંધ

| | | |
|---|---|---|
| ૫ ) | સરોજબેન અમૃતલાલ | ફતેપુર |
| ૯ ) | અક્ષય વૃજલાલ મોદી | મુંબઈ |
| ૧૪ ) | ચેતન વૃજલાલ મોદી | " |
| ૧૦૧ ) | ચંદનબેન કેશવલાલ | દહેગાંવ |
| ૨૫ ) | પ્રેમચંદ પાનાચંદ શાહ | ઘાટકોપર |
| ૫૧ ) | અનુપચંદ મૂળજી ખારા | રાંચી |
| ૨૫ ) | મણીબેન ઉજમશી | વઢવાણ |
| ૧૧ ) | નિરંજનકુમાર નવનીતલાલ | સોનગઢ |
| ૧૦૧ ) | સાયલા ( મારવાડ ) દિ જૈન મુમુક્ષુ મંડળ | |
| ૧૧ ) | વિમળાબેન રીખવદાસ | મુંબઈ |
| ૨૬ ) | ગુજરાતના મુમુક્ષુ ભાઈઓ તરફથી | |
| ૫ ) | શૈલેશકુમાર ભોગીલાલ | ફતેપુર |
| ૫ ) | સરોજબેન તારાચંદ | ઉજેડીયા |
| ૨૫ ) | વસંતલાલ વૃજલાલ ગાંધી | મુલુંડ |
| ૨૫ ) | હિંમતલાલ હરખચંદ | મોરબી |

### ભા દ્ર મા સ ના મં ગ લ દિ વ સો

| | | | |
|---|---|---|---|
| સુદ | ૫ થી ૧૪ | દસલક્ષણી પર્યુષણ પર્વ | ( શાશ્વતપર્વ ) |
| સુદ | ૬ | સુપાર્શ્વનાથ ગર્ભકલ્યાણક | ( બનારસ-કાશીનગરી ) |
| સુદ | ૮ | પુષ્પદન્ત-મોક્ષકલ્યાણક | ( સમ્મેદશિખર ) |
| સુદ | ૧૪ | વાસુપૂજ્ય-મોક્ષકલ્યાણક | ( સમ્મેદશિખર ) |
| વદ | ૧ | ઉત્તમ ક્ષમાવણી પર્વ | |
| વદ | ૨ | નેમિનાથ-કેવળજ્ઞાન | ( મિથિલાનગરી ) |
| આસો શુદ ૧ | | નેમિનાથ-કેવળજ્ઞાન | ( ગિરનાર-સહસ્રઆમ્રવન ) |

**દસલક્ષણના દિવસોમાં રાત્રિભોજનનો ત્યાગ કરો.**
**કાયમ માટે રાત્રિભોજન છોડવાનો સંકલ્પ કરો.**
**જૈનોના ઘરઘરમાંથી રાત્રિભોજનને તિલાંજલિ આપવાની આ ઝુંબેશમાં જોડાઈને તેને વેગવંતી બનાવો.**